સુવિચાર

મારા જીવનની સૌથી મોટી શોધ આ છે. મને સમજાયું કે મારા ધૂનીપણાને સંયમમાં રાખવા માટેની શકિતઓ મારી અંદર જ રહેલી છે.

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૪/૦૫/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૦ વૈશાખ વદ-૧ વર્ષ : ૧૫ અંક : ૧૩૮

ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧

ઈમરજન્સી સારવાર
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
- હૃદયરોગ - બીપી
- શ્વાસ - દમ - ન્યુમોનિયા
- પક્ષઘાત - પેરાલીસીસ - આંચકા
- પોઈઝન - સર્પદંશ
- ડાયાબિટીસ - કીડની - લીવરની તકલીફ વગેરે

ડૉ. રાજન કકૈયા
(એમ.ડી.)

નવજીવન
જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૯૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૯૨ ૯૩૦૦

દેશનાં દરેક નાગરિકોએ ઓછામાં ઓછું એક વૃક્ષનું વાવેતર કરવું પડશે

વૃક્ષારોપણ અને ઉછેર ન થાય તો પૃથ્વી નર્ક સમાન બની જશે

ગ્લોબલ વોર્મિંગનાં કારણે તાપમાનનો પારો ૪૦ થી ૪૫ અને હવે ૫૦ ડીગ્રી સુધી પહોંચતા ભારે સમસ્યા ઉભી થઈ

રાજય અને કેન્દ્ર સરકારે પણ જનતાનો સાથ લઈને વૃક્ષનું વાવેતર અને જતન કરવું પડશે

વૃક્ષ છેદન કરનાર સામે આકરી સજાની જોગવાઈ કરવામાં આવે તે પણ સમયની માંગ

વૃક્ષારોપણ અભિયાનને યુધ્ધનાં ધોરણે શરૂ કરવું પડશે નહી તો સૌ માટે જીવવું મુશ્કેલ

એક વૃક્ષની કિંમત શું છે આ ફોટો જોઈને તમે જ નકકી કરો

વૃક્ષ ન હોય તો ૪૫ ડીગ્રી

વૃક્ષ હોય તો ૨૦ ડીગ્રી

અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લા સહિત સમગ્ર ગુજરાતમાં છેલ્લા ૧૫ દિવસથી તાપમાનનો પારો ૪૨થી ૪૫ ડીગ્રી વચ્ચે આવન–જાવન કરતો હોય પશુ–પક્ષીઓ તેમજ સૌ કોઈ ત્રાહીમામ પોકારી ચુકયા છે અને ગ્લોબલ વોર્મિંગનાં લીધે દિનપ્રતિદિન તાપમાનનો પારો ઊંચો જઈ રહ્યો હોય આગામી વર્ષોમાં તાપમાનનો પારો ૫૦ ડીગ્રી સુધી પહોંચે તો પણ નવાઈ નહી રહે. તેવા સમયે પૃથ્વી પર જીવવું મુશ્કેલ બની જશે તેવી ચેતવણી પર્યાવરણવિદો આપી રહ્યા છે.

કેન્દ્ર અને રાજય સરકાર તેમજ સામાજિક અને સેવાકીય સંસ્થાઓએ જનતાને સાથે લઈને દેશની જેટલી જનસંખ્યા છે એટલે કે ૧૫૦ કરોડ વૃક્ષોનું વાવેતર આગામી ૧૦૦ દિવસમાં પૂર્ણ કરવું પડશે અને વૃક્ષારોપણને દેશવ્યાપી અભિયાન બનાવવું પડશે.

કોઈપણ વૃક્ષનો ઉછેર થવામાં ૪ થી ૬ વર્ષનો સમય થતો હોય છે. તાપમાનનો પારો ૫૦ ડીગ્રી પહોંચે અને માનવ કે કોઈપણ માટે જીવન જીવવું મુશ્કેલ બને તે પહેલા વૃક્ષારોપણ અને ઉછેર પ્રક્રિયા શરૂ કરવી પડશે તેમજ આડેધડ થતાં વૃક્ષ છેદન સામે કડક કાર્યવાહી કરવી જરૂરી બની છે.

ગરમીનો પારો દીનપ્રતિદિન વધી રહ્યો છે. અમુક શહેરોમાં ૪૦ ડિગ્રીથી ૫૦ ડિગ્રી સુધી ગરમીનો પારો પહોંચી ગયો છે. ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે કયાંક તો સ્ટ્રોક લાગવાથી બીમાર પડવા અથવા મૃત્યુ થયાના અહેવાલ આવે છે. આ બધું જોતા હવે સરકારે જાહેર સંસ્થાઓ, કંપનીઓ તેમજ સામાજિક સંસ્થાઓ, જનતાએ એક સાથે મળી વૃક્ષો વાવવા માટે જોરદાર અભિયાન શરૂ કરવું જોઈએ. તો આવનારા ચોમાસા દરમિયાન અનેક વૃક્ષોનો ઉછેર થશે તેમજ અગાઉ જયાં વૃક્ષારોપણ થયેલા છે ત્યાં કમસેકમ સમયાંતરે પાણી પહોંચાડવામાં આવે તો તે પણ વૃક્ષો ફરીથી સજીવન થઈ શકે છે. રસ્તાની

અનુસંધાન પાના ૬ ઉપર

અમરેલી જતા હોય અકસ્માત થયો

બાબરાનાં અમરાપરા ગામનાં છકડો રિક્ષા ચાલકનું કાર ચાલકે હડફેટે લેતા મોત

ઈંગોરાળા અને ભીલા ગામ વચ્ચેની ઘટના

અમરેલી, તા. ૨૩

બાબરા તાલુકાના અમરાપરા ગામે રહેતા રફીકભાઈ ઈબ્રાહિમભાઈ ડાંક તા. ૨૨ ના સાંજના સાતેક વાગ્યે તેની ભારવાહક છકડો રીક્ષા લઈ તેમા સેટી ભરી અમરેલી જતા અને ઈંગોરાળાથી ભીલા ગામ વચ્ચે હાઈવે પર પસાર થતાં હતા ત્યારે સામેથી આવતી ફોરવ્હીલ ગાડી નં. જી.જે. ૧૪ એ.કે. ૨૮૫૦ ના ચાલકે પુરઝડપે ચલાવી ભારવાહક રીક્ષા સાથે અકસ્માત કરી મોત નિપજાવી નાસી ગયાની ફરિયાદ નોંધાઈ છે.

જોઈએ છે
પેટ્રોલપંપ પર કામ કરી શકે તેવા ભાઈઓ/બહેનો આકર્ષક પગારથી જોઈએ છે
શ્રી ક્રિષ્ના પેટ્રોલ પંપ
HP પેટ્રોલ પંપ, માણેકપરા, અમરેલી.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
64,690/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૨૩/૦૫/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત
કમાણી સાયન્સ કોલેજ અને પ્રતાપરાય આર્ટ્સ કોલેજ,અમરેલી
સ્વનિર્ભર વિભાગ
ADMISSION OPEN 2024-2025
કોર્ષ
- બી.સી.એ. (બેચલર ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન)
  લાયકાત :- ધોરણ ૧૨ માં આર્ટ્સ,કોમર્સ તથા સાયન્સ
  → સેમેસ્ટર ૧ માં બધા જ પ્રવાહનાં વિદ્યાર્થીઓને એડમિશન મળશે.
- બી.એસ.સી. (માઈક્રોબાયોલોજી)
  લાયકાત :- ધોરણ ૧૨ સાયન્સ (ગ્રુપ-બી)
  → સેમેસ્ટર ૧ માં નીચે મુજબ ગ્રુપ રહેશે.
  ગ્રુપ-બી(માઈક્રોબાયોલોજી/બાયોકેમીસ્ટ્રી/ઝુઓલોજી અથવા બોટની કોલેજ દ્વારા ફાળવવામાં આવશે.)
- એમ.એસ.સી. (કેમેસ્ટ્રી)
  લાયકાત :- બી.એસ.સી.(કેમેસ્ટ્રી)
- એમ.એસ.સી. (ફિઝીકસ)
  લાયકાત :- બી.એસ.સી.(ફિઝીકસ)
સુવિધા
ગર્લ્સ હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ
- એકસપર્ટ ફેકલ્ટીઝ દ્વારા શિક્ષણ.
- આધુનિક કોમ્પ્યુટર લેબ સાથે ઈન્ટરનેટ તેમજ નેટવર્કની સુવિધા.
- લેબમાં પુરતા જરૂરી સાધનો.
- વિદ્યાર્થીઓને આદર્શ બનાવવા માટે અદ્યતન પુસ્તકાલય.
- સંપૂર્ણ હવાઉજાસ તેમજ હરિયાળુ વાતાવરણ.
- આકર્ષક વિશાળ સ્પોર્ટસ ગ્રાઉન્ડ.
- પ્રોજેકટર દ્વારા શિક્ષણ તેમજ સી.સી.ટી.વી. થી સજ્જ કલાસરૂમ.
- જોબ પ્લેસમેન્ટ અને કેરીયર ગાઈડન્સ તેમજ વિવિધ પ્રસિધ્ધ લોકો દ્વારા માર્ગદર્શન સેમિનાર.
GCAS ઓનલાઈન ફોર્મ કોલેજ દ્વારા નિ:શુલ્ક ભરી આપવામાં આવશે.
...એડ્રેસ...
સ્વનિર્ભર કાર્યાલય,કમાણી સાયન્સ કોલેજ બિલ્ડીંગ,
રૂમ નં.૪, વિદ્યાસભા સ્કૂલ ગેઈટથી અંદર,લાઠી રોડ, અમરેલી.
મો. ૯૨૬૫૨ ૪૨૭૧૮, ૯૦૩૩૨ ૨૪૯૨૦, ૯૭૧૨૩ ૪૬૫૫૩

આસ્થા હોસ્પિટલ હવે થી
BIMS-AASTHA HOSPITAL
બીમ્સ આસ્થા મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ નામ થી રેગ્યુલર શરૂ છે
ડો. અશોક એન. પરમાર
હોસ્પિટલમાં નિયમીત ઓપીડી સમય તેમજ ઈમરજન્સીમાં ૨૪x૭ કલાક મળશે.
નોંધ : ડો.અશોક એન. પરમારના કન્સલ્ટીંગ ફી માં કંઈપણ વધારો કરેલ નથી
બીમ્સ આસ્થા મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ અમરેલી
આ દરેક નંબર પર કોલ કરી કેશ લખાવી શકો છો
(૦૨૭૯૨) ૨૨૫૮૪૦/૨૨૧૮૨૮/૩૫૪૪૪૪ મો.૯૯૩૮૫ ૩૮૫૦૫
મો.૯૪૨૪૪ ૮૨૦૦૦ / ૯૪૨૪૪ ૮૩૦૦૦

હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
મેડીકલ ઓફિસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
લેડીઝ તેમજ જેન્ટસ
: પગાર ધોરણ (ફ્રેશર માટે) :
રૂા. ૧૪,૦૦૦/– થી ૧૮,૦૦૦/–
અનુભવી માટે : રૂા. ૨૦,૦૦૦/– થી ૩૦,૦૦૦/–
રિસેપ્સનિસ્ટ (લેડીઝ)
કમ્પ્યુટર/૧૨ પાસ
પગાર ધોરણ : રૂા. ૭,૫૦૦/– થી ૮,૫૦૦/–
સ્વીપર (લેડીઝ)
પગાર ધોરણ : રૂા. ૭,૦૦૦/– થી ૮,૦૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.
મળવાનો સમય : ૧૧ થી ૧૨,સાંજે ૫:૩૦ થી ૬:૩૦
નારી
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જૂના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

આડેધડ વૃક્ષોનું છેદન, ઉદ્યોગોની લ્હાય, આધુનિકતાની દોડ ભારે પડી રહી છે

પૈસા પાછળનાં પાગલપને પર્યાવરણની પથારી ફેરવી દીધી

ખેતીપ્રધાન દેશમાં ખેતીને ભારે નુકસાન કરીને ઉદ્યોગો પાછળ પાગલ થયેલ સરકારે ભવિષ્યનો કોઈ વિચાર કર્યો નથી

પર્યાવરણ માટે જરૂરી નદીઓ, જંગલો, પર્વતો અને દરિયાની પણ કોઈ કાળજી લીધી નહી

દેશમાં કરોડોની સંખ્યામાં એરકન્ડિશન, કાર, ફેક્ટરીનાં લીધે તાપમાનમાં જોરદાર વધારો થયો

હજુ પણ સરકાર અને દેશવાસીઓ જાગૃત્ત નહી રહે તો ભવિષ્યમાં ભયાનક પરિસ્થિતિ ઉભી થશે

અમરેલી, તા. ૨૩

અમરેલી સહિત સમગ્ર ગુજરાત અને પડોશી રાજય રાજસ્થાનમાં ભયાનક ગરમીથી નાગરિકો ત્રાહીમામ પોકારી ચુકયા છે અને રાજસ્થાનનાં જેસલમેરમાં તો તાપમાનનો પારો ૫૦ ડીગ્રી સુધી ઊંચે જતાં પશુ, પક્ષી અને માનવીઓ તોબા પોકારી ચુકયા છે.

ભારત દેશની આઝાદીનાં સમયમાં કૃષિ પ્રધાન તરીકે ઓળખ હતી બાદમાં છેલ્લા ૩૦–૪૦ વર્ષથી ભારતની સરકારો ઉદારીકરણનાં નામે આગળ વધીને ઉદ્યોગોને પ્રોત્સાહન આપ્યું અને ખેતીની અવગણનાં શરૂ કરી અને દેશનાં નાગરિકો પણ આધુનિકતાની દોડમાં ઉત્સાહભેર જોડાયા અને માનવતા, સેવા, સમર્પણ, ત્યાગ, સાદગીને ભૂલીને કરોડો દેશવાસીઓ આલીશાન બંગ્લા, કાર, એરકન્ડિશનનાં રવાડે ચડી ગયા અને શહેરો અને મહાનગરોમાં જંગલોનું અસ્તિત્વ જોખમાયું અને સિમેન્ટ કોંક્રીટનાં જંગલો ઉભા થયા. ઠેર–ઠેર ફેકરીઓનું સ્થાપન થયું અને મુડીવાદનાં માહોલમાં વૃક્ષો, નદીઓ, પર્વતો અને દરિયાની પણ હાલત બગાડી નાખી અને આજે તેનાં પરિણામો દેશવાસીઓની સામે આવી રહ્યા છે.

હજુ પણ સમય છે ગ્રામ પંચાયતથી લઈને પાર્લામેન્ટમાં બેસતા જનપ્રતિનિધિઓ, તલાટી મંત્રીથી લઈને કેબિનેટ સેક્રેટરી સુધી તમામ સમાજનાં આગેવાનો, સેવાકીય સંસ્થાઓએ હવે એક થઈને વૃક્ષોનું વાવેતર અને જતન, નદીઓની શુધ્ધતા, જંગલોનું થતું કટીંગ અટકાવવું પડશે અને દરિયાને પણ દેવ માનીને તેની કાળજી લેવી પડશે.

પર્યાવરણની ચિંતા ના કરતાં અનેક જીવસૃષ્ટિઓ નાશ પામી છે. આજે ચકલી, મોર, કાગડા, સિંહ, દીપડા, હરણને બચાવવાનાં અભિયાન શરૂ કરવા પડે છે. તો પાણીનાં સંગ્રહ માટે પણ કામગીરી શરૂ કરવી પડી રહી છે. જાગ્યા ત્યાંથી સવાર ગણીને દેશના ૧૪૦ કરોડ નાગરિકો પર્યાવરણ બચાવવા માટે જે કાંઈ કરવું પડે તે કરે નહી તો દેશમાં ૧૦ વર્ષ બાદ માનવીનાં અસ્તિત્વ સામે ખતરો ઉભો થશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

કોઈ અજાણ્યા શખ્સે કોઈપણ ડર રાખ્યા વગર પ્રવેશ કર્યો

લ્યો બોલો : ધારીની આઈસીઆઈસીઆઈ બેન્કમાંથી ધોળે દિ'એ રૂપિયા ૬.૬૫ લાખની ચોરી

પોલીસે સીસીટીવી, ફિંગર પ્રિન્ટનાં આધારે તપાસ આદરી

અમરેલી, તા. ૨૩

ધારીગામેઆવેલતા.૨૧ના બપોરના ૧:૧૮ થી સાંજના ૫:૨૦ વાગ્યા સુધીમાં કોઈપણ સમયે કોઈ અજાણ્યા ઈસમે આઈસીઆઈસીઆઈ બેન્કમાં પ્રવેશ કરી બેંકના બેંકમાં સર્વર રૂમની બાજુમાં ટેબલના ખાનામાં રાખેલ રૂપિયા ૬,૬૫,૦૦૦ ચોરી કરી લઈ કરી લઈ ગયાની ફરિયાદ બેન્કના કર્મચારી પ્રિયાંકભાઈ જીતેન્દ્રભાઈ દેસાઈએ ધારી પોલીસમાં નોંધાવતા પોલીસે સી.સી.ટી.વી. તથા ફિંગર પ્રિન્ટ નિષ્ણાંત અને ડોગસ્કવોર્ડની મદદ લઈ આરોપીને ઝડપી પાડવા તપાસનો ધમધમાટ શરૂ કરેલ છે.

અગાઉનાં મનદુઃખનાં કારણે

સાવરકુંડલાનાં મીતીયાળા ગામનાં જેસીબી ઓપરેટર ઉપર ૪ ઈસમોએ કર્યો હુમલો

સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૨૩

સાવરકુંડલા તાલુકાના મીતીયાળા ગામે રહેતા અશરફભાઈ અહમદભાઈ જોખીયા નામનાં જે.સી.બી. ઓપરેટર (ડ્રાઈવિંગ)ને આજથી આશરે છ–સાત મહિના પહેલા સાકરપરા ગામના આરોપી રાજુભાઈ નાથાભાઈ પડસારીયા તથા તેમનો ભત્રીજો પરેશભાઈ રાણાભાઈ સાથે ઝગડો થયેલ હોય તે બનાવમાં સામસામે ફરીયાદ થયેલ હોય. તે બાબતનું મનદુઃખ ચાલતુ હોય જે મનદુઃખના કારણે તા. ૨૨ ના રોજ સવારે ૧૦ વાગ્યાના સમયે સાકરપરા ગામે ધજડી ગામની સીમમાં રાખોલીયાના નેરડા પાસે ચાર જેટલા આરોપીઓએ એકસંપ કરી ગેરકાયદે મંડળી રચી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા સારૂ પ્રાણઘાતક હથિયારો પાઈપ, છરી, કુહાડી, લાકડી જેવા હથિયારો વડે જે.સી.બી. ઓપરેટરને આડેધડ રીતે બન્ને પગે તથા જમણા હાથે ફેકચર કરી તથા છરી વડે જમણા હાથે તથા ગળાની બાજુમાં ચરકા કરી ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

જિલ્લા આપત્તિ વ્યવસ્થાપક તંત્રની ચેતવણી

અમરેલી જિલ્લામાં આજે અને આવતીકાલે હિટવેવની આગાહી : સાવચેત રહેવુ જરૂરી

શ્રમિકો કામ કરતાં હોય તે સાઈટ પર ૧૨ થી ૪ વિરામ

અમરેલી, તા. ૨૩

રાજયના હવામાન વિભાગની આગાહી મુજબ આગામી તા. ૨૫ મે, ૨૦૨૪ સુધી રાજયના મોટા ભાગના જિલ્લાઓમાં વિસ્તારોમાં હિટવેવ–ઉષ્ણ લહેર (ગરમ પવન) રહેશે. કામગીરી શરૂ હોય તેવી કન્સ્ટ્રકશન સહિતની વિવિધ સાઈટ પર શ્રમિકો કામ કરતાં હોય તે તમામ સાઈટ પર બપોરે ૧૨ થી સાંજે ૪ વાગ્યા સુધી કામગીરીમાં વિરામ આપવામાં આવે અને તેમને ચૂકવવામાં આવતા વેતનમાંથી કપાત ન થાય તે માટે અનુરોધ કરવામાં આવ્યો છે. ગરમીથી બચવા માટેના જરૂરી તમામ પગલાઓ ભરવામાં આવે. લુ ન લાગે અને લુ લાગવાથી થતી અસરોથી બચી શકાય તે માટેના આવશ્યક પગલાંઓ ભરવા અમરેલી જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર–અધિક જિલ્લા મેજિસ્ટ્રેટએ એક અખબારી યાદીમાં અનુરોધ કર્યો છે.

અગાઉનાં મનદુઃખનાં કારણે બાલાનીવાવનાં ૪ ઈસમોએ કર્યો હુમલો

ચતુરી પીપળવા ગામ પાસે રાજુલાનાં વડ ગામના યુવક ઉપર ફાયરીંગ થતા સમગ્ર પંથકમાં ખળભળાટ

ખેડુત યુવકની કારને પણ વ્યાપક નુકસાન કર્યાની ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૨૩

રાજુલા તાલુકાના વડ ગામે રહેતા અને ખેતી કામ કરતાં શિવરાજભાઈ વાલાભાઈ ધાખડા નામનાં ૩૩ વર્ષિય યુવકને આજથી આશરે બે–એક મહીના પહેલા નાગેશ્રી ગામ પાસે આવેલ ટોલ નાકે જાફરાબાદ તાલુકાના બાલાનીવાવ ગામે રહેતા મયુરભાઈ ભાભલુભાઈ વરૂએ ગાળો આપેલ હતી, અને તેનો વિડીયો ખેડૂત યુવકે તેમના મોબાઈલ ફોનમાં ઉતારેલ હતો, તે વાતનું જુનુ મન દુઃખ રાખી મયુરભાઈ ભાભલુભાઈ વરૂ, પહુભાઈ વરૂ, હરેશભાઈ ભાભલુભાઈ વરૂ તથા સંજયભાઈ વરૂએ પોતાનો સમાન ઈરાદો પાર પાડવા સારૂ પુર્વ આયોજીત ગુન્હાહીત કાવતરૂ રચી આરોપીએ પોતાના હવાલાવાળી સફેદ કલરની ફોરવ્હીલ ગાડી લઈ ખેડૂત યુવકની ગાડી નં. જીજે–૩૪ એન ૦૦૧૨ નો પીછો કરી, તેમની સાથે ભટકાવી ચતુરી/પીપળવા ગામ પાસે ગેરકાયદેસર અવરોધ કરી ખેડૂતની ફોરવ્હીલ ગાડી રોકાવી આરોપીઓએ અલગ–અલગ હથીયારો લઈ તેમની ફોરવ્હીલ ગાડી માંથી નીચે ઉતરી ખેડૂત યુવકની પાછળ દોડી આરોપીઓ પાસે રહેલ પીસ્તોલ તથા તમંચામાંથી ખેડૂત યુવકને જાનથી મારી નાખવાના ઈરાદે તેમના ઉપર ફાયરીંગ કરેલ. ત્યારબાદ ખેડૂત યુવક બચી જતા આરોપીઓએ અલગ– અલગ હથીયારો વડે ખેડૂત યુવકની ગાડીના આગળ તથા પાછળ કાચ તોડી ધોબા પાડી આશરે રૂપિયા ૨,૫૦,૦૦૦નું નુકસાન કરી નાસીગયાની ફરિયાદ પોલીસમાં નોંધાય છે.

અમરેલીના શકિત ગૃપે વૃક્ષારોપણનું અભિયાન શરૂ કરવા અનુરોધ કર્યો

અમરેલી, તા. ૨૩

શક્તિગ્રુપ ચેરીટેબલ ટ્રસ્ટ અને સેવાભાવી પ્રકૃતિ પ્રેમી અશોક વાળાની અપીલ ચોમાસાની સીઝનમાં આપણે સૌ સાથે મળીને વૃક્ષો રોપણ કરીએ તેવી સામાજીક સંસ્થા શક્તિ ગ્રુપ અપીલ એ કરી છે તેમણે વધુમાં જણાવ્યું છે કે આપણે સૌ વૃક્ષો વાવીએ જે દેશી ફળોના હોય જે ઓકિસજનથી ભરપુર હોય જેના છાંયડે બેસવાથી ઠંડક મળે સુક્ષ જીવાણુથી લઈને તમામ પક્ષીઓને બારેમાસ ખોરાક આપે તેવાં વૃક્ષો પીપળો લીમડો ઉમરો વડલો પીપર આપણે વાવીએ અને ઉછેરીએ વૃક્ષો કેટલા મહત્વના છે ફોરેસ્ટ વિભાગ દ્વારા પણ વૃક્ષો માટે કાર્યકમનું આયોજન જરૂરી વૃક્ષોનું વાવેતર કરીએ શક્તિ ગ્રુપ પ્રમુખ ગૌતમભાઈ વાળા અને શક્તિ ગ્રુપ દ્વારા વૃક્ષો વાવો માટે અભિયાન હાથ ધરવામાં આવશે.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

જાહેર નોટિસ

અરજદાર : ભરતકુમાર માનશંકર શુકલ + ૧

વિરૂધ્ધ

સામાવાળા : હાલ કોઈ નથી

બાબત : સ્કીમ અરજી ક્રમાંક : ૦૧/૨૦૨૪ અંગે

સંદર્ભ : લાઠી સમસ્ત ચોર્યાસી બ્રાહ્મણ જ્ઞાતિ, લાઠી
નોં.નં.એ/૫૫૭/અમરેલી

ઉપર જણાવેલ અરજદારોએ સંયુકત ચેરિટી કમિશનરશ્રી ભાવનગર સમક્ષ સને–૧૯૫૦ ના ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટો બાબતના અધિનિયમની કલમ–૫૦(અ) મુજબની અરજી કરીને એવી દાદ માંગી છે કે ઉપર જણાવેલ ટ્રસ્ટનો વહીવટ સુવ્યવસ્થિત રીતે ચાલે તે માટે સ્કીમ ઘડવાની જરૂર છે.

તેથી સદરહું ટ્રસ્ટમાં હીત ધરાવનાર સઘળાને આથી ખબર આપવામાં આવે છે કે સદર ટ્રસ્ટના સંચાલન અને વહીવટ માટે સ્કીમ એટલે કે યોજના ઘડવી કે કેમ ? અને ઘડવી તો કેવી ? તે અંગે ટ્રસ્ટમાં હિત ધરાવનાર કોઈને જો વાંધા, સુચનો કે રજુઆતો કરવી હોય, તો તેવી રજુઆતોની બે નકલ, જેમાં એક નકલ જરૂરી પ્રમાણીત આધાર પુરાવાઓ અને તેના સમર્થનમાં સોગંદનામાની સાથે ટ્રસ્ટના નીચે જણાવેલા ટ્રસ્ટ/અરજદારના સરનામે મોકલવી તથા તેની પ્રત અત્રેની કચેરીને રજી.પો.એડી.થી મોડામાં મોડા તા.૧૩/૦૬/૨૦૨૪ સુધીમાં કે તે પહેલા મળે તે રીતે મોકલી આપવા આથી જાણ કરવામાં આવે છે.

સ્કીમ અરજીની સુનાવણીની તથા આવેલ વાંધા, રજુઆતોની સુનાવણીની કાર્યવાહી અત્રેની કચેરીમાં તા.૧૪/૦૬/૨૦૨૪ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે હાથ ધરવામાં આવશે. લેખીત વાંધા, સુચન, રજુઆત કરનારે ઉપર જણાવેલ સુનાવણીના સમયે અત્રેની કચેરીમાં અચુક જાતે કે માન્ય પ્રતિનીધી મારફતે અસલ આધારો સાથે હાજર રહેવું. તેમ કરવામાં કસૂર કર્યેથી જોગવાઈ અનુસાર સંસ્થા હિતમાં આગળ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની સ્પષ્ટ નોંધ લેશો.

ટ્રસ્ટ/ અરજદારનું સરનામું	કચેરીનું સરનામું
ભરતકુમાર માનશંકર શુકલ ખવાસ શેરી, સોરઠીયા બિલ્ડીંગ લાઠી, જી. અમરેલી	સંયુકત ચેરિટી કમિશનરશ્રીની કચેરી, ભાવનગર પ્લોટ નં.૪૬૫/એ, શિશુવિહાર પાસે, પ્રભુદાસ તળાવ, ભાવનગર.

આજ તા.૨૨/૦૫/૨૦૨૪ ના રોજ મારી સહી અને કચેરીની મુદ્રા હેઠળ આપી.

તૈયાર કરનાર :
(બી. બી. ગોહિલ)
હિસાબનીસ

(સી.કે. જોષી)
સંયુકત ચેરિટી કમિશનર
ભાવનગર

પ્રદેશ કોંગ્રેસ દ્વારા સતત ૧૯માં વર્ષે કારકિર્દી માર્ગદર્શન પુસ્તક પ્રકાશિત

ધો. ૧૨ પછી શું ? નો જવાબ આપતા પુસ્તકનું વિમોચન થયું

રાષ્ટ્રીય કોંગ્રેસનાં મહામંત્રી મુકુલ વાસનીક, પ્રદેશ પ્રમુખ શકિતસિંહ અને અમિત ચાવડાનાં હસ્તે થયું વિમોચન

ઈ–કાર્ડ દ્વારા કયુઆર કોડ સ્કેન કરીને પણ સરળતાથી પુસ્તકને ડાઉનલોડ કરી શકાશે

કોંગ્રેસ પક્ષ દ્વારા વિવિધ ક્ષેત્રનાં નિષ્ણાંતો સાથે સંપર્ક કરીને સુંદર પુસ્તક બહાર પડાયું

શિક્ષણ માટે લોન અને સ્કોલરશીપ આપતી વિગતો પણ પુસ્તકમાં જોવા મળી રહી છે

કારકિર્દીના ઊંબરે
ધો. ૧૨ પછી શું ?
2024
કોંગ્રેસની પાંચ ન્યાય ગેરંટી

અમદાવાદ, તા. ૨૩

કારકિર્દીના ઊંબરે ધોરણ ૧૨ પછી શું ? કારકિર્દી માર્ગદર્શન પુસ્તકનું વિમોચન પ્રસંગે અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના વરિષ્ઠ મહામંત્રી અને ગુજરાત સંગઠન પ્રભારી મુકુલ વાસનીકજીએ જણાવ્યું હતું કે, ઉજજવળ કારકિર્દી અને સફળ જીવન માટે ધોરણ–૧૦/૧૨ પછી અભ્યાસક્રમની પસંદગી અતિ મહત્વની બની જાય છે. ગુજરાતમાં શિક્ષણનું સ્તર સુધરે તે માટે રાજય સરકાર ચિંતીત બને તે ઘણું જ આવશ્યક છે. બાળકની રસરૂચિ પ્રમાણે કારકિર્દી પસંદગીનો નિર્ણય લેવાય તો ઉત્તમ પરિણામો મળે છે. ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ પછી કારકિર્દી ઘડતરની અનેક તકો ઉપલબ્ધ છે ત્યારે કોંગ્રેસ પક્ષ રાજનીતિની સાથે સમાજની પ્રગતિ, સમૃધ્ધિ અને સશકિતકરણ માટે રચનાત્મક કાર્ય કરતો રહ્યો છે. કોંગ્રેસ પક્ષના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશી ખુબજ વ્યસ્ત રાજકીય જવાબદારી વચ્ચે પણ શૈક્ષણિક ઉમદા કામગીરી થકી ગુજરાતના લાખો વિદ્યાર્થીઓ–વાલીઓ માટે પથદર્શક–માર્ગદર્શકની ભૂમિકા ભજવી છે જે સરાહનીય છે.

કારકિર્દીના ઊંબરે ધોરણ ૧૨ પછી શું ? કારકિર્દી માર્ગદર્શન પુસ્તકનું વિમોચન પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શકિતસિંહ ગોહિલે જણાવ્યુ હતું કે, કારકિર્દી માટે મહત્વના એવા ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ની પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરનાર સૌ વિદ્યાર્થી મિત્રોને હાર્દિક અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવું છું. ધોરણ–૧૨ પછી જીવનની પ્રગતિ માટે અભ્યાસક્રમોની પસંદગી અતિ આવશ્યક બની જાય છે, હાલના સ્પર્ધાત્મક વાતાવરણમાં ગુજરાતના વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓ પોતાની ક્ષમતા અનુરૂપ અભ્યાસક્રમ પસંદ કરી શકે અને તેમાં અસરકારક દેખાવ કરે એ માટે સતત ૧૯માં વર્ષે કારકિર્દી માર્ગદર્શન પુસ્તકથી માહિતી આપવાનો કોંગ્રેસ પક્ષ દ્વારા આ સંનિષ્ઠ પ્રયત્ન છે. સરકારી–ગ્રાન્ટેડ સંસ્થાઓનું માળખું તૂટતૂ જાય છે અને ખાનગી સંસ્થાઓમાં ફી ના ધોરણો વ્યાપકપણે ઉંચુ થતુ જાય છે. ગુજરાતમાં સૌને શિક્ષણ ઉપલબ્ધ બનાવવા માટેના પ્રયત્નો રાજય સરકાર દ્વારા સતત ઓછા થતાં જાય છે અને શિક્ષણનું ઝડપથી વ્યાપારીકરણ થઈ રહ્યું છે.

ઉત્તમ કારકિર્દીનું સોનેરી સ્વપ્ન દરેક વિદ્યાર્થી, યુવાન કે વ્યકિતનું હોય છે. બોર્ડના કે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પોતાની પદવી, ઉચ્ચ સ્થાન કે ગુણાંક મેળવવા થનગનતા હોય છે. તે માટે સફળતાની ચાવી એટલે જ્ઞાન, પ્રશિક્ષણ, શકિત, સ્વપ્ન, આત્મવિસ, એકાગ્રતા, સમર્પિતા આ સાત ગુણો છે. ગુજરાતમાં તમામ સમાજના વિદ્યાર્થીઓને ઉજજવળ કારકિર્દી માટે શિક્ષણ માળખાની સુવિધા સાથે ગુણવત્તાસભર શિક્ષણ મળે તે અતિ આવશ્યક છે. ગુજરાતના વાલી–વિદ્યાર્થીઓ અથાક મહેનત–પરિશ્રમ કરી સફળતા માટે સતત પ્રયત્નશીલ રહેતા હોય છે, ત્યારે રાજય સરકારની જવાબદારી બને છે કે ગુજરાતના વિદ્યાર્થીઓના ભવિષ્યને કેન્દ્ર સ્થાને રાખીને કામગીરી કરે. આજના સમયની માંગ શું છે અને આવતીકાલની માંગ શું હોઈ શકે? આ વિષય ઉપર દષ્ટિ રાખતા રહેશો તો એ પણ તમારી કારકિર્દી નક્કી કરવામાં સફળ થશે. ગુજરાતના તમામ વિદ્યાર્થી મિત્રોને સચોટ અને સરળ માર્ગદર્શન માટે કોંગ્રેસ પક્ષના સનિષ્ઠ આગેવાન તથા શિક્ષણવિદ, મીડિયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશી (એન્જિનિયર) અને તેમના સહયોગી દ્વારા સતત ઓગણીસમાં વર્ષએ માર્ગદર્શન પુસ્તક ‘ કારકિર્દીના ઉંબરે’ પ્રસિદ્ધ કરવાનું ભગીરથ સૌને અભિનંદન પાઠવુંછું.

કારકિર્દીમાર્ગદર્શન પુસ્તકનું વિમોચન પ્રસંગે ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષની યુપીએ સરકારે શિક્ષણના મુળ ભૂત અધિકાર અપાવ્યો હતો પરંતુ તેનો અયોગ્ય અમલીકરણને પગલે વિદ્યાર્થીઓના ભવિષ્ય ઘડતરને અવરોધે છે. ગુજરાતમાં તમામ સમાજના વિદ્યાર્થીઓ ઉજજવળ કારકિર્દી માટે શિક્ષણ માળખાની સુવિધા સાથે ગુણવત્તા સભર શિક્ષણ મળે તે અતિ આવશ્યક છે. ગુજરાતના વાલી – વિદ્યાર્થીઓ અથાક મહેનત–પરિશ્રમ કરી સફળતા માટે સતત પ્રયત્નશીલ રહેતા હોય છે. ત્યારે રાજય સરકારની જવાબદારી બને છે કે ગુજરાતના વિદ્યાર્થીઓના ભવિષ્યને કેન્દ્ર સ્થાને રાખીને કામગીરી કરે. ગુજરાતના વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓને સચોટ અને સરળ માર્ગદર્શન માટે ‘કારકિર્દીના ઉંબરે’ પુસ્તક દ્વારા વિદ્યાર્થી ભાઈ–બહેનોને કારકિર્દી ઘડવામાં મદદરૂપ થવાનો ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનો સતત ઓગણીસમાં વર્ષે આ સનિષ્ઠ પ્રયાસ છે. ‘કારકિર્દીના ઉંબરે’ પુસ્તક તૈયાર કરવામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશી (એન્જિનિયર) તથા સહયોગીઓએ ખૂબ જ જહેમત ઉઠાવી છે, તે બદલ હું કોંગ્રેસ પક્ષ વતી તેઓને હાર્દિક અભિનંદન પાઠવું છું.

સતત ૧૯માં વર્ષે કારકિર્દીના ઊંબરે ધોરણ ૧૨ પછી શું ? કારકિર્દી માર્ગદર્શન પુસ્તકનું વિમોચન પ્રસંગે પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશી (એન્જિનિયર) જણાવ્યું હતું કે, કેન્દ્રની કોંગ્રેસ સરકાર દ્વારા ગુજરાતમાં રાષ્ટ્રીય સંસ્થા આઈ.આઈ.ટી., એન.આઈ.ડી. ન્યુ કેમ્પસ, સેન્ટ્રલ યુનિવર્સિટી અને ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ફર્મેશન ટેકનોલોજીની સ્થાપના થઈ છે. જે ગુજરાત માટે ગૌરવરૂપ અને સીમાચિન્હરૂપ સાબિત થશે. ધોરણ–૧૨ પછી અભ્યાસક્રમોની અનેક તકો રાજય અને દેશ કક્ષાએ ઉપલબ્ધ છે ત્યારે જરૂર છે માત્ર સમયસર અને યોગ્ય માર્ગદર્શનની કોંગ્રેસ પક્ષ દ્વારા વિવિધ ક્ષેત્રના નિષ્ણાંતો તથા કારકિર્દી માર્ગદર્શન માટે કાર્યરત વિવિધ સંસ્થાઓ સાથે સંપર્ક કરીને વધુમાં વધુ માહિતી સરળતાથી ઉપલબ્ધ કરાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ પુસ્તકમાં આર્ટસ, કોમર્સ અને સાયન્સના વિદ્યાર્થીઓ માટે ધોરણ–૧૨ પછી ઉપલબ્ધ ૨૦૦થી વધુ અભ્યાસક્રમોની વિગતો સાથે વિશેષ કારકિર્દીના અભ્યાક્રમો અંગેની માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાષ્ટ્રીય સંસ્થાઓની માહિતી સાથે ૪૦થી વધુ પ્રવેશ પરિક્ષા અંગેની વિગતવાર માહિતી આપવામાં આવી છે તેમજ દેશમાં આગામી સમયની માંગ અનુસાર નોકરીની વિવિધ તકો ઉપર વિશેષ વિગતો આ પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

ખાસ કરીને વિકલાંગો માટે વિવિધ અભ્યાસક્રમોની વિશેષ વિગતો આપવામાં આવી છે. નવા નવા અભ્યાસક્રમો કે જે રાજયમાં ઉપલબ્ધ નથી તેની પણ માહિતી–પ્રવેશ પરિક્ષા અને બને ત્યાં સુધી જુદી જુદી સંસ્થાઓ કે જેઓ વિશિષ્ટ અભ્યાસક્રમો ભણાવે છે તેમની વેબસાઈટો પણ આપવામાં આવી છે. દેશમાં રેગ્યુલર અભ્યાસક્રમ ન કરી શકે તેવા વિદ્યાર્થીઓ માટે એકસ્ટર્નલ અભ્યાસક્રમ આપતી માન્ય સંસ્થાઓની સાથોસાથ ઈન્દીરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (ઈગ્નુ) અને ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની વિગત પણ આપવામાં આવી છે. શિક્ષણ માટે એજયુકેશન લોન અને સ્કોલરશીપ આપતી વિવિધ સરકારી વિભાગો અને ખાનગી ટ્રસ્ટોની વિગતો આ પુસ્તકની વિશેષતા છે.

પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતા શૈલેષ પરમાર, પૂર્વ સાંસદ ડો. અમીયાજ્ઞિક, એ.આઈ.સી.સી.ના મંત્રી રામકિશન ઓઝા, ઉષા નાયડુજી, અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખ હિંમતસિંહ પટેલ, કાર્યકારી પ્રમુખ ડો. ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખ નીશીત વ્યાસ, બિમલ શાહ, પ્રદેશ પ્રવકતા હિરેન બેંકર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહી ‘ કારકિર્દીના ઊંબરે’ પુસ્તક ગુજરાતના વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડતરમાં મદદકર્તા બનશે તેવો વિાસ વ્યકત કર્યો હતો.

કારકિર્દીના ઊંબરે ધો–૧૨ પછી શું ? માર્ગદર્શન પુસ્તક ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિની વેબસાઈટ www.incgujarat.com અને www.Careerpath.info ઉપર પણ ઉબલબ્ધ થશે. નવતર પ્રયોગના ભાગરૂપે ઈ–કાર્ડ દ્વારા કયુઆરકોર્ડ સ્કેન કરીને પણ સરળતાથી પુસ્તકને ડાઉનલોડ કરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯,
પ્રવેશની ઉત્તમ તક...
ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે.
F.Y.B.Com. SEMESTER-I
S.Y.B.Com. SEMESTER-III
T.Y.B.Com. SEMESTER-V
M.Com. SEMESTER-I
- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ
- તદન આધુનિક સુવિધા સજ્જ ત્રણ માળનું, સાધન સંપન્ન ક્લાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠ્ય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- Accounting & Finance, Business Management, Computer Science જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ મળવાપાત્ર છે.

શ્રી ડો. એસ.પી. સિતાપરા
પ્રિન્સિપાલ
મો. ૯૪૨૬૨ ૪૩૨૫૦
વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક
સવારનાં
૮:૦૦ થી ૧૨:૦૦ સુધી
www.mdscollege.org
શ્રીમતિ વનીતા બી. સીતાપરા
મેનેજીંગ ટ્રસ્ટી
મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮

જિલ્લામાં ટોપર્સ આપતી એકમાત્ર કોમર્સ સ્કૂલ એટલે...
એપેક્ષ સ્કૂલ ઓફ કોમર્સ
સાતમા વર્ષે ફરી એપેક્ષ સ્કૂલ નો ડંકો...
Once Again માર્ચ 2024
સમગ્ર બોર્ડમાં બીજા સ્થાને...
અને સમગ્ર
અમરેલી જિલ્લામાં પ્રથમ
સ્થાને...
સાવલીયા દિક્ષિતા A1 Grade
99.98 P.R.
આંકડા : 100/100
SPCC : 100/100
અર્થશાસ્ત્ર : 99/100
નામુ : 98/100
વા. વ્યવસ્થા : 95/100
માર્ચ 2018 જિલ્લા દ્વિતિય ચાવડા કૃણાલ 99.78 P.R.
માર્ચ 2019 જિલ્લા પ્રથમ જોષી જાહન્વી 99.88 P.R.
માર્ચ 2020 જિલ્લા દ્વિતિય દેવાણી ભાર્ગવ 99.27 P.R.
માર્ચ 2021 જિલ્લા દ્વિતિય ગોહિલ પુજા 99.71 P.R.
માર્ચ 2022 જિલ્લા દ્વિતિય વેકરીયા હિતેશ્રી 99.77 P.R.
માર્ચ 2023 જિલ્લા પ્રથમ કારીયા ક્રિનલ 99.97 P.R.
ધો. ૧૧ કોમર્સ શા માટે એપેક્ષ સ્કૂલમાં જ...
■ વિષય નિષ્ણાંત, અનુભવી, અને કવોલીફાઈડ સ્ટાફ...
■ ચેપ્ટરવાઈઝ અને વિકલી ટેસ્ટ દ્વારા સર્વગ્રાહી મુલ્યાંકન...
■ એક વર્ગમાં માત્ર ૩૦ વિદ્યાર્થીઓની જ સંખ્યા...
■ ડાઉટફૂલ પ્રશ્નોનું વ્યકિતગત સોલ્યુશન...
■ દરેક વિષયનું 100 ગુણનું Most IMP મટીરીયલ્સ
■ CCTV થી સમગ્ર કેમ્પસનું મોનીટરીંગ...
■ હોસ્ટેલ સુવિધા...
■ વિશાળ પ્લે ગ્રાઉન્ડ... ■ સ્કૂલ બસ સુવિધા...
અમારી શાળા જેવું શિક્ષણ અને અનુભવી શિક્ષકોની ટીમ બીજે કયાંય નહિ... : કોમર્સની નં. ૧ ટીમ :
મનિષ સર M.Com., B.Ed. (આંકડાશાસ્ત્ર) અનુભવ : 17 વર્ષ
વડાલિયા સર M.A., B.Ed. (અર્થશાસ્ત્ર) અનુભવ : 14 વર્ષ
સાગર સર M.Com., B.Ed. (નામાના મુળતત્વો) અનુભવ : 8 વર્ષ
મિતલ મેડમ M.A., B.Ed. (અંગ્રેજી) અનુભવ : 7 વર્ષ
પાર્થ સર M.Com, B.Ed. (BA/SPCC) અનુભવ : 10 વર્ષ
સુધીર સર M.A., B.Ed. (ગુજરાતી) અનુભવ : 15 વર્ષ
ગર્લ્સ/ બોયઝ હોસ્ટેલ સુવિધા
પ્રવેશકાર્ય શરૂ...
: કાર્યક્ષેત્ર : ધોરણ ૧ થી ૧૨ કોમર્સ / આર્ટસ
...પ્રવેશ સંપર્ક...
82009 23707
અખાડાના ગેઈટ સામે,
સુખનિવાસ કોલોની રોડ, અમરેલી.

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું
વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ
કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

શિવ
ફરસાણ
(ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ
ખમણ હાજરમાં મળશે.
ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના
મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.

Hero
GO BIG GO XOOM
XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

HONDA
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
કેશ ડિસ્કાઉન્ટ ₹5000/-*
ઓછુ ડાઉનપેમેન્ટ ₹5999/-*
દમદાર માઈલેજ | શાનદાર સ્ટાઈલ
મજેદાર કમ્ફર્ટ | વ્યાજબી ભાવ
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

Navnit
MARUTI SUZUKI CELERIO
મારૂતિ સુઝુકીનો શોરૂમ હવે નવા રૂપરંગ
તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઈઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 9904649999 સર્વિસ : 9904549999

હરિયાણામાં વડાપ્રધાન મોદીએ કોંગ્રેસને બરાબર ઝાટકી

સાત જન્મમાં પણ નહીં બને કોંગ્રેસની સરકાર : વડાપ્રધાન

વિપક્ષી ગઠબંધન ઈન્ડિયા પર નિશાન સાધતા તેમણે કહ્યું કે ગાયે દૂધ હજી આપ્યું નથી કે ઘી ખાવા માટે ગઠબંધનના લોકો વચ્ચે લડાઈ શરૂ થઈ ગઈ છે

મહેન્દ્રગઢ , તા.૨૩

લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કાના પ્રચાર માટે હરિયાણાના મહેન્દ્રગઢ પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે કોંગ્રેસની સરકાર ૭ જન્મોમાં પણ બનવાની નથી. કોંગ્રેસને આપવામાં આવેલ દરેક વોટ નકામાં રહેશે. વિપક્ષી ગઠબંધન ઈન્ડિયા પર નિશાન સાધતા તેમણે કહ્યું કે ગાયે દૂધ હજી આપ્યું નથી કે ઘી ખાવા માટે ભારત ગઠબંધનના લોકો વચ્ચે લડાઈ શરૂ થઈ ગઈ છે. કહેવાય છે કે પાંચ વર્ષમાં પાંચ પીએમ થશે. પાંચ વર્ષમાં પાંચ પીએમ, હરિયાણાના લોકો ૫૦૦૦ જોક્સ બનાવશે. ઈન્ડિયા ગઠબંધનના લોકો અત્યંત સાંપ્રદાયિક, અત્યંત જાતિવાદી, અત્યંત કુટુંબ આધારિત છે. હરિયાણા સાથેના પોતાના લગાવ વિશે વાત કરતા પીએમ મોદીએ કહ્યું, "મને રાજનીતિની સમજ હરિયાણા અને પંજાબમાંથી પણ મળી છે. હું ૧૯૯૫માં હરિયાણા આવ્યો હતો. મેં અહીંની માતાઓ અને બહેનોના હાથનું ભોજન ખાધુ છે. તમામ ભારત વિરોધી શક્તિઓ છે. તમામ ભારત વિરોધી તાકાત લાગતી રહે છે પરંતુ મોદી તેમના ઝૂંકાયા ઝૂંકતો નથી. હજી તો મોદીએ તમારુ ઋણ ચુકવવા માટે ઘણું કામ કરવાનું છે. આપણા હરિયાણાને નવી ઉંચાઈએ લઈ જવાનું છે. તેના માટે જરૂરી છે ફીર એક બાર મોદી સરકાર. કોંગ્રેસ પર પ્રહાર કરતા વડાપ્રધાને કહ્યું તેઓએ દેશના ભાગલા પાડ્યા. તેઓએ એક ભારત, બે મુસ્લિમ રાષ્ટ્રો બનાવ્યા અને હવે ઈન્ડીવાળા કહી રહ્યા છે કે બાકીના ભારત પર પણ પહેલો અધિકાર મુસ્લિમોનો છે. આંબેડકરે આપેલું આરક્ષણ છીનવીને તેઓ વોટ જેહાદ કરનારાઓને આપવા માંગે છે. તેમણે કલકત્તા હાઈકોર્ટના આદેશનો ઉલ્લેખ કરતા કહ્યું કે બંગાળની હાઈકોર્ટનો ચુકાદો આવી ગયો છે. બંગાળમાં પણ એસસી, એસટી, ઓબીસી વિરુદ્ધ ઈન્ડી જમાતની માનસિકતા છતી થઈ છે. જે આરક્ષણ ઓબીસીને મળી રહ્યું હતું તે આરક્ષણ તેઓ મુસ્લિમો અને ઘુસણખોરોને આપી રહ્યાં હતા. જો કદાચ કોર્ટ ન હોત તો આ દલિત, આદિવાસીઓ શું કરત. બંગાળના સીએમએ જાહેરાત કરી દીધી છે કે તેઓ હાઈકોર્ટનો ચુકાદો માનશે નહીં. તે ઓબીસીનું આરક્ષણ મુસ્લિમોને આપીને રહેશે. આ લોકો પોતાની વોટ બેંક સાથે ઉભા છે, તમારી સાથે કોણ ઉભું રહેશે. હું તમને ભરોસો આપવા માંગું છું કે જ્યાં સુધી મોદી જીવતો છે, ત્યાં સુધી કોઈ ગરીબનું આરક્ષણ છીનવાશે નહીં.

કોંગ્રેસ પર પ્રહારો ચાલુ રાખતા પીએમ મોદીએ કહ્યું કે રામ રામ વગર હરિયાણામાં કોઈ કામ થતું નથી. જો કોંગ્રેસનું ચાલે તો તે રામનું નામ લેનારાઓની ધરપકડ કરી લે. તેઓ આખા દેશમાંથી રામનું નામ હટાવવા માંગે છે. તેમણે રામ મંદિરનો બહિષ્કાર કર્યો છે. કોંગ્રેસ ઈચ્છે કે હરિયાણાના લોકો રામલલાના દર્શન ન કરી શકે. તેઓ રામલલાને ફરીથી ટેન્ટમાં મોકલવા માંગે છે. કોંગ્રેસ આપણી આસ્થા જ નહીં આપણા તિરંગાનું પણ અપમાન કરે છે. ૩૭૦નાં નામે કાશ્મીરને દેશથી અલગ કોણે રાખ્યું. ૭૦ વર્ષ સુધી કાશ્મીરમાં તિરંગો કોણે ફરકવા દીધો નથી. તેઓ કહે છે કે જો અમે સત્તામાં આવીશું તો ૩૭૦ ફરીથી લાગુ કરીશું.

બાથરૂમમાં પગ લપસતા હોસ્પિટલમાં દાખલ હતા

મહારાષ્ટ્રમાં કોંગ્રેસ ધારાસભ્ય પીએન પાટીલનું અવસાન થયું

બાથરૂમમાં પગ લપસી જતાં તેને માથામાં ઈજા થઈ હતી પીએન પાટીલે ૭૧ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા હતા

મુંબઈ, તા.૨૩

લોકસભા ચૂંટણી વચ્ચે મહારાષ્ટ્રથી એક દુખદ સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રદેશ ઉપાધ્યક્ષ અને કરવીર વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય પીએન પાટીલનું આજે નિધન થયું છે. પ્રાથમિક માહિતી મુજબ પીએન પાટીલનું આજે એટલે કે ૨૩ મેની વહેલી સવારે ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. પીએન પાટીલે ૭૧ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા હતા. નોંધનિય છે કે, બાથરૂમમાં લપસી જતાં છેલ્લા ચાર દિવસથી તેમની સારવાર ચાલી રહી હતી. બાથરૂમમાં પગ લપસી જતાં તેને માથામાં ગંભીર ઈજા થઈ હતી.

મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રદેશ ઉપાધ્યક્ષ અને કરવીર વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય પીએન પાટીલ તેમના જીવનભર ગાંધી પરિવારના વિશ્વાસુ તરીકે જાણીતા હતા.

પીએન પાટીલ ગયા રવિવારની સવારે બાથરૂમમાં લપસી જતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત બન્યા હતા. જે બાદમાં એક ખાનગી હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી. જોકે ૪ દિવસની સારવારને અંતે આજે તેમનું નિધન થયું છે. જિલ્લા કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર ધારાસભ્ય પીએન પાટીલના પાર્થિવ દેહને તેમના વતન ગામ સડોલી ખાલસા ખાતે સવારે ૧૧ વાગ્યે લઈ જવામાં આવશે. અંતિમ સંસ્કાર સડોલી ખાલસા ખાતે જ કરવામાં આવશે.ધારાસભ્ય પીએન પાટીલ રવિવારે સવારે લગભગ ૮.૩૦ વાગ્યે ઘરે બેભાન થઈ ગયા હતા.

આ પછી તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા અને તેમનું સીટી સ્કેન કરવામાં આવ્યું. આ પછી મગજમાં રક્તસ્ત્રાવ જોવા મળ્યો હતો. જેને લઈ તેમણે તાત્કાલિક દાખલ કરવામાં આવ્યા અને તાત્કાલિક સર્જરી કરવામાં આવી. જોકે તેમના મગજમાં સોજો યથાવત હતો. તેથી તેમની હાલત સ્થિર હોવા છતાં તે ગંભીર હતા. કાર્યકરો તેમના લાંબા આયુષ્યની કામના કરી રહ્યા હતા. પરંતુ આજે તેમના નિધનના સમાચાર આવ્યા. મુંબઈના પ્રખ્યાત ન્યુરો સર્જન ડો.સુહાસ બરાલેના માર્ગદર્શન હેઠળ તેમની સારવાર ચાલી રહી હતી.નોંધનિય છે કે, છત્રપતિ શાહુ મહારાજ કોલ્હાપુર લોકસભા માટે કોંગ્રેસ તરફથી ચૂંટણી લડી રહ્યા હોઈ ધારાસભ્ય પી.એન. પાટીલે કરવીર મતવિસ્તારની સાથે જંજાવતી જિલ્લામાં પ્રચાર કર્યો હતો. છ વિધાનસભા મતવિસ્તારોમાંથી કોલ્હાપુર લોક સભામાં સૌથી વધુ ૮૦ ટકા મતદાન થયું હતું. પાટીલ કરવીર વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય છે. તેથી તેમણે એકલા હાથે આ વિસ્તારમાં પ્રચારનો હવાલો સંભાળ્યો હતો. પાટીલનું નામ લોકસભા ચૂંટણી માટે પણ ચર્ચામાં હતું. જોકે તેમની ઉંમર અને સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને તેમણે ચૂંટણી લડવાનો ઈનકાર કર્યો હતો.

સ્માર્ટ મીટરનો મામલો ઉગ્ર બન્યો

ગુજરાતમાં સ્માર્ટ વીજ મીટરને લઈને ભારે વિરોધ થઈ રહ્યો છે

નવા નરોડા વિસ્તારના રહીશોએ વિરોધ નોંધાવ્યો

અમદાવાદ, તા.૨૩

ગુજરાતમાં સ્માર્ટ વીજ મીટરને લઈને ભારે વિરોધ થઈ રહ્યો છે. હાલ રાજ્યમાં જ્યાં જ્યાં વીજળીના સ્માર્ટ મીટર મૂકવામાં આવ્યા છે ત્યાં વધુ વીજ બિલ આવતું હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે. ત્યારે હવે અમદાવાદમાં પણ સ્માર્ટ મીટરને લઈને ભારે વિરોધ શરુ થઈ ગયો છે.

સરકાર અને વીજ કંપનીઓ અગાઉથી લાગી ગયેલા સ્માર્ટ મીટરો કાઢવા નથી માંગતી અને લોકો કોઈ પણ સંજોગોમાં સ્માર્ટ મીટર કાઢીને જૂના મીટરો લગાવવામાં આવે તેવી માંગ કરીને આકરી ગરમીમાં પણ વિરોધ કરી રહ્યા છે. અગાઉ રાજયભરમાં અનેક શહેરોમાં ઠેર-ઠેર દેખાવ થયા છે. ત્યારે હવે અમદાવાદમાં પણ હવે સ્માર્ટ મીટરને લઈને વિરોધ શરુ થઈ ગયો છે. શહેરના નવા નરોડા વિસ્તારમાં આવેલી ૮ જેટલી સોસાયટીના રહીશોએ સ્માર્ટ મીટરને લઈને ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે.

સ્થાનિક લોકો એકઠા થઈને સ્માર્ટ મીટર દૂર કરીને જૂના મીટર લગાવવાની માંગ કરી રહ્યા છે. તેમજ વીજ કંપનીઓએ જાણ કર્યા વગર જ સ્માર્ટ મીટર લગાવી દીધાની વાત કરી રહ્યા છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ રહીશો આ બાબતે રજૂઆત કરવા જીઈબીની ઓફિસ જશે.

નોંધનીય છે કે રાજ્યભરના વિવિધ શહેરોમાં આવા સ્માર્ટ વીજ મીટર લગાવવાનું વીજ નિગમ દ્વારા શરૂ કરાયું છે. આવા સ્માર્ટ વિજ મીટરમાં વીજ બિલ ત્રણ ગણું આવતું હોવાના આક્ષેપ સાથે સ્થાનિક વીજ મીટર ધારકો દ્વારા વિરોધ શરૂ થયો છે. અગાઉ બે દિવસ પહેલા સુરતમાં વીજ કંપની દ્વારા સ્માર્ટ મીટર લગાવવાની કામગીરી સામે લોકોનો વિરોધ નોંધાવ્યો હતો. આ મુદ્દે સુરત પાલિકાના વિપક્ષે શાસક પક્ષના કોર્પોરેટરોને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. પુણા વિસ્તારમાં કેટલીક સોસાયટીઓ ના પ્રમુખોએ સ્માર્ટ મીટર અંગે કોર્પોરેટરોને પત્ર લખી તેની નકલ વીજ કંપનીના ઈજનેરને મોકલી હતી.

હરિદ્વાર અને ઋષિકેશમાં 'ઓફલાઈન' રજીસ્ટ્રેશન બંધ

'ઓનલાઈન' રજીસ્ટ્રેશન પછી ભક્તો ચારધામ યાત્રા ઉપર આવી શકશે

મુખ્ય સચિવ રાધા રતુરીએ એડવાઈઝરી જારી કરી

દેહરાદૂન,તા.૨૩

ચારધામ યાત્રા પર ભેગી થતી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓની ભીડના સારા વ્યવસ્થાપન માટે અને સલામત યાત્રા માટે, ઉત્તરાખંડ સરકારે બુધવારે ફરજિયાત નોંધણી લાગુ કરી હતી, જ્યારે નકલી નોંધણી દ્વારા કેદારનાથ યાત્રા પર જવાના ૯ કેસ નોંધવામાં આવ્યા હતા. ૧૦ મેના રોજ યાત્રા શરૂ થઈ ત્યારથી અત્યાર સુધીમાં પ્રથમ ૧૩ દિવસમાં ૮,૫૨,૦૧૮ યાત્રાળુઓએ ચારધામોની મુલાકાત લીધી છે. અધિકારીઓએ જણાવ્યું કે હરિદ્વાર અને ઋષિકેશમાં 'ઓફલાઈન' રજીસ્ટ્રેશન બંધ કરી દેવામાં આવ્યું છે અને હવે 'ઓનલાઈન' રજીસ્ટ્રેશન પછી જ ભક્તો ચારધામ યાત્રા પર આવી શકશે. તેમણે કહ્યું કે, ચારધામ યાત્રામાં દેશ-વિદેશમાંથી આવતા શ્રદ્ધાળુઓની વ્યવસ્થિત, સરળ, સલામત અને સુવિધાજનક યાત્રા માટે મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામી ખૂબ જ ગંભીર છે. મુખ્યમંત્રીના નિર્દેશ પર મુખ્ય સચિવ રાધા રતુરીએ શ્રદ્ધાળુઓ માટે એડવાઈઝરી જારી કરી છે, જેમાં તેમને રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ જ યાત્રા પર આવવા વિનંતી કરવામાં આવી છે. એડવાઈઝરી જણાવે છે કે જો તેઓ નોંધણી વગર આવે છે, તો તેમને 'બેરિયર' અથવા 'ચેક પોઈન્ટ' પર રોકવામાં આવી શકે છે અને આનાથી તેમને ભારે અસુવિધા થશે. યાત્રિકોને એવી પણ સલાહ આપવામાં આવી છે કે રજીસ્ટ્રેશન કર્યા બાદ તેઓ નિર્ધારિત તારીખે જ યાત્રા પર આવે અને જે ધામ માટે તેઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હોય તે જ રૂટ પર જવું જોઈએ. એડવાઈઝરીમાં, યાત્રાનું સંચાલન કરતી 'ટૂર એન્ડ ટ્રાવેલ' એજન્સીઓને એ પણ સુનિશ્ચિત કરવા માટે કહેવામાં આવ્યું છે કે મુસાફરોએ નોંધણી કરાવી છે કે નહીં અને શ્રદ્ધાળુઓને લઈ જતા પેસેન્જર વાહનને 'ટ્રીપ કાર્ડ' આપવામાં આવ્યું છે કે કેમ.? દરમિયાન, રુદ્રપ્રયાગ પોલીસે તપાસ દરમિયાન મળી આવેલા નકલી રજિસ્ટ્રેશનના ૯ કેસમાં એફઆઈઆર નોંધી છે. આ કેસોમાં નકલી નોંધણી પર કેદારનાથ યાત્રા પર આવવાના અને પછીની તારીખો માટે નોંધણીમાં છેતરપિંડી કરીને મેની તારીખ દર્શાવવાના કેસનો સમાવેશ થાય છે. રુદ્રપ્રયાગના પોલીસ અધિક્ષક વિશાખા અશોક ભદાનેએ જણાવ્યું કે બુધવારે કોતવાલી રુદ્રપ્રયાગમાં આ સંદર્ભે ૯ કેસ નોંધવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે તપાસમાં બહાર આવ્યું છે કે હરિદ્વાર અને ઋષિકેશમાં કેટલીક 'ટૂર એન્ડ ટ્રાવેલ્સ' એજન્સીઓ અને અન્ય લોકોએ આ લોકોને બનાવટી નોંધણી કરાવી છે. તેમણે કહ્યું કે આવા લોકોની માહિતી લેવામાં આવી છે. પોલીસ અધિકારીએ કહ્યું કે ટૂંક સમયમાં આ કેસોની તપાસ કરવામાં આવશે અને નોંધણીની છેતરપિંડીમાં સામેલ લોકો સામે કાર્યવાહી કરવામાં આવશે.

બાંગ્લાદેશનાં સાંસદની ભારતમાં હત્યા મામલે ઘટસ્ફોટ

સાંસદની બિઝનેસ પાર્ટનર અને બાળપણની મિત્રએ જ કરી હત્યા

આ કેસની તપાસ હાલ બંગાળની સીઆઈડીને સોંપવામાં આવી છે : જોકે હવે આ મામલામાં નવો ઘટસ્ફોટ થયો

કોલકત્તા, તા.૨૩

બાંગ્લાદેશની સત્તારૂઢ પાર્ટી અવામી લીગના સાંસદ અનવારુલ અજીમ અનવરની કોલકાતામાં હત્યાનો મામલો હાલ સમાચારમાં છે.

આ કેસની તપાસ હાલ બંગાળની સીઆઈડીને સોંપવામાં આવી છે. જોકે હવે આ મામલામાં નવો ઘટસ્ફોટ થયો છે. સૂત્રોના જણાવ્યા મુજબ સાંસદના બાળપણના મિત્ર અને તેમના બિઝનેસ પાર્ટનરે જ આ હત્યાનું ષડયંત્ર બનાવ્યું હતું અને તેને સફળતાપૂર્વ પાર પાડ્યું હતું.

ઢાકા ટ્રિબ્યુનના અહેવાલ મુજબ, બાંગ્લાદેશ પોલીસનું કહેવું છે કે સાંસદ અનવરુલનો બાળપણનો મિત્ર અને બિઝનેસ પાર્ટનર અકતરુઝમાન શાહીન મુખ્ય કાવતરાખોર છે. આ હત્યાને અંજામ આપવામાં અનવરુલના અન્ય મિત્ર અમાનુલ્લા અમાનની ભૂમિકા હતી.પોલીસનું કહેવું છે કે શાહીન સાંસદ અનવરુલની હત્યાનું કાવતરું ઘડવા કોલકાતા ગઈ હતી. કોલકાતામાં હત્યાનો પ્લાન ફાઈનલ કર્યા બાદ તે બાંગ્લાદેશ આવ્યો હતો. બાદમાં અમાન સહિત છ લોકોએ અનવારુલને ઓશીકું વડે ગૂંગળાવીને તેની હત્યા કરી હતી. બાદમાં તેના મૃતદેહના ટુકડા કરી ટ્રોલી બેગમાં રાખી અજ્ઞાત સ્થળે ફેંકી દેવામાં આવ્યા હતા. તપાસ સાથે જોડાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર ઢાકા મેટ્રોપોલિટન પોલીસની ડિટેક્ટિવ બ્રાન્ચે આ હત્યાના કાવતરાનો પર્દાફાશ કર્યો છે. આ કેસમાં હત્યાના આરોપમાં ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી હતી.અનવરુલની પુત્રી મુમતરીન ફિરદૌસ ડોરીને બુધવારે શેર-એ-બાંગ્લા નગર પોલીસ સ્ટેશનમાં હત્યાનો કેસ નોંધાવ્યો હતો. તે જ સમયે, કોલકાતામાં એક અલગ કેસ નોંધવાની તૈયારી કરવામાં આવી રહી હતી, જ્યાં પોલીસે અનવરુલના શરીરના ટુકડાઓ લઈ જતા કાર ચાલકની ધરપકડ કરી હતી. તપાસ મુજબ અકતરુઝમાન શાહીને વેપારી અદાવતના કારણે સાંસદ અનવારુલની હત્યાની યોજના ઘડી હતી. શાહીન ઝિનાઈદહની રહેવાસી છે. તેની પાસે અમેરિકન નાગરિકતા પણ છે. તેમના ભાઈ ઝિનાઈદહની કોટચંદપુર નગરપાલિકાના મેયર છે. તમને જણાવી દઈએ કે અનવરુલ ઝિનાઈદહથી સાંસદ હતા.શાહીન ૩૦ એપ્રિલે અમાન અને તેની ગર્લફ્રેન્ડ સિલિસ્તા રહેમાન સાથે કોલકાતા ગઈ હતી. તેણે કોલકાતાના સંજીબા ગાર્ડનમાં ડુપ્લેક્સ ભાડે રાખ્યો હતો. શાહીનના બે સહયોગી સિયામ અને જેહાદ પહેલાથી જ કોલકાતામાં હતા. બંનેએ સાથે મળીને હત્યાનું કાવતરું ઘડ્યું હતું. શાહીન ૧૦ મેના રોજ બાંગ્લાદેશ પરત ફરી હતી. તેણે હત્યાની સમગ્ર જવાબદારી અમનને સોંપી દીધી. પ્લાન મુજબ અમાને બાંગ્લાદેશથી વધુ બે હિટમેનને કોલકાતા બોલાવ્યા. ફૈઝલ શાજી અને મુસ્તફિઝ ૧૧ મેના રોજ કોલકાતા ગયા અને આ ષડયંત્રમાં સામેલ થયા. ઈન્ટેલિજન્સ અધિકારીઓના જણાવ્યા અનુસાર અમાન પાસેથી મળેલી માહિતી મુજબ શાહીનને પહેલાથી જ ખબર હતી કે સાંસદ ૧૨ મેના રોજ કોલકાતા જશે. તેણે અમનને હત્યાની તમામ તૈયારીઓ કરવા કહ્યું. તેણે હત્યા માટે કેટલાક ધારદાર હથિયારો પણ ખરીદ્યા હતા.

3 છોટા હાથી અને ૧ રિક્ષા પણ સીઝ કરી

ગીરસોમનાથમાં અનાજનો શંકાસ્પદ જથ્થો ઝડપાયો

પુરવઠા વિભાગે રેડ પાડી તાલાળા-સાસણ રોડ પર શંકાસ્પદ અનાજનો જથ્થો પકડી પાડ્યો

ગીરસોમનાથ,તા.૨૩

ગીરસોમનાથમાં અનાજનો શંકાસ્પદ જથ્થો ઝડપાયો. પુરવઠા વિભાગે રેડ પાડી તાલાળા-સાસણ રોડ પર શંકાસ્પદ અનાજનો જથ્થો પકડી પાડ્યો.ગીરસોમનાથમાં અનાજનો શંકાસ્પદ જથ્થો ઝડપાયો. પુરવઠા વિભાગે રેડ પાડી તાલાળા-સાસણ રોડ પર શંકાસ્પદ અનાજનો જથ્થો પકડી પાડ્યો. પુરવઠા વિભાગે બાતમીના આધારે દરોડો પાડ્યો. આ દરોડામાં હોટલની માલિકીની જગ્યામાંથી અનાજનો જથ્થો પકડાયો. વિભાગને દરોડામાં ઘઉં,ચોખા અને ચણા જથ્થો મળી આવ્યો. વિભાગ દ્વારા તમામ સામગ્રી ઝડપી પાડતા તેમાં ઉપયોગ થતા ૩ છોટા હાથી અને ૧ રિક્ષા પણ સીઝ કરી.પુરવઠા વિભાગે શંકાસ્પદ અનાજનો જથ્થો ઝડપી પાડ્યા બાદ આગળ ની કાર્યવાહી હાથ ધરી. વિભાગ દ્વારા અચાનક આ રીતે દરોડા પાડવામાં આવતા ગેરરીતિ આચરનારા અનાજના વેપારીઓમાં ફફડાટ જોવા મળ્યો. અનાજની ગેરરીતી મામલે કલેકટરે ગેરકાયદેસર અનાજનો વેપાર કરતા લોકો ઉપર લાલ આંખ કરતા ગેર કાયદેસર અનાજ નો વેપાર કરતા લોકોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

ભીષણ ગરમીથી રાજ્યમાં હાહાકાર

અમદાવાદ-ગાંધીનગરમાં આવતીકાલે રેડ એલર્ટ જાહેર

આણંદ, બનાસકાંઠા, સાબરકાંઠા, વલસાડ, મહેસાણા, પંચમહાલમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે

ગાંધીનગર, તા.૨૩

સમગ્ર રાજ્યમાં કાળઝાળ ગરમી પડી રહી છે. હવામાન વિભાગે ગરમીને લઈને મોટી આગાહી કરી હતી. અમદાવાદ અને ગાંધીનગરમાં આવતીકાલે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અમદાવાદમાં ગરમીનો પારો ૪૬ ડિગ્રી પર પહોંચી ગયો છે. ગાંધીનગરમાં પણ ગરમીનો પારો આજે ૪૫ ડિગ્રીને પાર પહોંચી ગયો છે.

તે સિવાય આણંદ, બનાસકાંઠા, સાબરકાંઠા, વલસાડ, મહેસાણા, પંચમહાલમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. મોરબી, સુરેંદ્રનગર, રાજકોટ, જૂનાગઢમાં યલો એલર્ટ જાહેર કરાયું છે. અનેક શહેરોમાં ગરમીનો પારો ૪૩ ડિગ્રીને પાર થઈ ગયો છે. અમદાવાદમાં હાલ ગરમીનો પારો ૪૫ ડિગ્રી પર પહોંચ્યો છે. આકરા તાપના કારણે રસ્તાઓ સૂમસામ બન્યા હતા. બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, સુરેંદ્રનગર, જૂનાગઢ, ભાવનગરમાં ઓરેન્જ એલર્ટ અપાયું છે. આણંદ, રાજકોટ, ગાંધીનગરમાં ઓરેન્જ એલર્ટ અપાયું છે.મહેસાણા, અમરેલી, કચ્છ, બનાસકાંઠામાં ભીષણ ગરમીની આગાહી કરાઈ છે. અમદાવાદ, ખંભાત, વડોદરા, નડિયાદમાં પારો ૪૫ ડિગ્રીને પાર પહોંચ્યો હતો. બપોરે ૧થી ૪ વાગ્યા સુધી કામ સિવાય બહાર ન નીકળવા અપીલ કરાઈ છે.

રાજ્યમાં ગરમી જીવલેણ સાબિત થઈ રહી છે. ગભરામણ, ખેંચ અને હિટસ્ટ્રોકથી ૧૫ વ્યક્તિઓના મોત થયા છે. જેમાં સુરતમાં ૧૦ વ્યક્તિના મોત નીપજ્યા છે.

જ્યારે વડોદરામાં વધુ ત્રણ વ્યક્તિના મોત થયા છે. સુરતમાં એકનું હીટસ્ટ્રોકના કારણે મોત થયું હોવાની આશંકા છે. જ્યારે અન્ય મૃતકોના સેમ્પલ ફોરેન્સિકમાં મોકલાયાં છે. જેનો રિપોર્ટ આવ્યા બાદ મોતના ચોક્કસ કારણ સામે આવશે. આ સાથે હીટવેવની અસરના કારણે સરકારી હોસ્પિટલોમાં ૧૨ વ્યક્તિને સારવાર અપાઈ. જેમાં સિવિલ હોસ્પિટલમાં ૮ અને સ્મીમેર હોસ્પિટલમાં ૪ દર્દી નોંધાયા તો બીજી તરફ પાલિકાના અધિકારીનો દાવો ગરમીથી મોત નથી.

સુરતમાં એક જ દિવસમાં ૧૦નાં હાર્ટ અટેક અને હીટવેવમાં શંકાસ્પદ મોત થયા છે. ચારને હીટસ્ટ્રોકની શંકા છે જ્યારે ૫ વ્યક્તિના હાર્ટએટેકથી મોત થયાની શંકા છે. તમામના સેમ્પલ FSLમાં મોકલ્યાં છે. તમામ મૃતકો ગભરામણ પછી બેભાન થયા હતા અને હોસ્પિટલ લઈ ગયા પછી મૃત્યુ થયું હતું.

ગુજરાતમાં મોતનો આંકડો વધ્યો

સુરતમાં એક દિવસમાં ૧૦ મોતથી મચેલો હાહાકાર

હીટવેવથી મૃત્યુઆંક ૩૦ ટકાનો વધારો થયો : વધી રહેલી ગરમીની સૌથી વધુ અસર વૃદ્ધોને થઈ રહી છે

સુરત, તા.૨૩

હાલ પડી રહેલી કાળઝાળ ગરમીથી લોકો હેરાન પરેશાન થઈ ગયા છે.. હીટવેવના કારણે મૃત્યુઆંક પણ સતત વધી રહ્યો છે. તમને જણાવી દઈએ કે, વૃદ્ધોને સીધી અસર થવાના કારણે હીટવેવથી મૃત્યુઆંક ૩૦ ટકાનો વધારો થયો છે. જી હા, ગરમીની સૌથી વધુ અસર વૃદ્ધોને થઈ રહી છે. વડીલોની નબળી રોગ પ્રતિકારક શક્તિના કારણે ગરમીની અસર જલદી થાય છે. ૪૦ ડિગ્રીથી વધુ તાપમાન જતાં જ હીટવેવની શક્યતાઓ વધી જાય છે.

છેલ્લા ૧૦ વર્ષના ડેટા મુજબ હીટવેવથી ૩૦ ટકા મૃત્યુ સામાન્ય મૃત્યુ કરતાં વધી જાય છે. છેલ્લા ૩ દિવસથી અમદાવાદની સાથે સાથે અમરેલી, સુરેન્દ્રનગર, કંડલા, ઈડર અને ગાંધીનગરમાં તારમાનનો પારો ૪૫ ડિગ્રીએ પહોંચી ગયો છે. ત્યારે આ સ્થિતિમાં રોજના સવાસોથી દોઢસો કેસ હીટ સ્ટ્રોકના અને તેની સંબંધિત બિમારીના આવી રહ્યા છે. જણાવી દઈએ કે, ૨૦૧૩માં હીટવેવથી ૧૧૦૦ મૃત્યુ થતાં અમદાવાદ પહેલું એવું શહેર બન્યું કે જ્યાં હીટવેવ એક્શન પ્લાન બનાવવામાં આવ્યો હતો.

સુરતમાં કાળઝાળ ગરમીને કારણે લોકો ત્રસ્ત થઈ ગયા છે. ત્યારે ગુજરાતભરમાં હીટસ્ટ્રોકથી સૌથી વધુ મૃત્યુઆંક સુરતમાં નોંધાયો છે. સુરતમાં એક જ દિવસમાં હીટ સ્ટ્રોક, ગભરામણ, ખેંચ, બેભાન થવાથી ૧૦ નાં મોત નિપજ્યાં છે. તમામ મૃતકો ગભરામણ પછી બેભાન થયા છે. આમ, એક જ દિવસમાં ૧૦નાં મોતથી હાહાકાર મચી ગયો છે. જેમા ચારને હીટસ્ટ્રોક, ૫ વ્યક્તિને હાર્ટએટેકની શંકા છે.

કેવી રીતે થયા મોત

સુશાંત સેટ્ટીનું હિટ સ્ટ્રોકના કારણે મોત
વિજય પાટીલનું ગભરામણથી મોત
મુકેશ પંડિતનું ગભરામણથી મોત
મગાભાઈ રાઠોડનું ખેંચ આવતા મોત
એક અજાણી વ્યક્તિનું ખેંચ આવતા મોત સુરદશન યાદવનું બેભાન થતા મોત ચેતન પરાડનું બેભાન થતા મોત
કિશનસિંગ વિશ્વકર્માનું બેભાન થતા મોત અનિલ ગોડસેનું શ્વાસ લેવામાં ગકલીફ થતા મોત

ગુજરાતમાં કાળઝાળ ગરમીનું પ્રભુત્વ યથાવત છે. સોમવારે ૧૧ શહેરોમાં તાપમાન ૪૩ ડિગ્રીને પાર રહ્યું. આજે પણ તાપમાનના પારો ઉંચકાવાની આગાહી છે. ત્યારે વડોદરામાં અસહ્ય ગરમીના લીધે વધુ ૩ વ્યક્તિના મોત થયા છે. ડિહાઈડ્રેશન, ગભરામણ અને હાર્ટ એટેકના કારણે વડોદરામાં વધુ ૩ના મોત થયા છે.

૫ દિવસમાં અત્યારસુધી ૧૯ લોકોના મોત થયા છે. ૭૭ વર્ષના કિશનરાવ દીઘે, ૩૯ વર્ષના જગદીશ પટેલ અને ૬૨ વર્ષના કરશન પરમારનું મોત નિપજયું છે. મૃતકોના મોતનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ બાદ હકીકત જાણી શકાશે. જેથી સયાજી હોસ્પિટલના સુપ્રિટેન્ડેટ ડો રંજન ઐયરે જાગૃતિ માટેનો સંદેશો આપ્યો છે. તેમણે લોકોને ગરમીમાં સવારે ૧૦.૩૦ થી સાંજે ૬ વાગ્યા સુધી ઘરની બહાર ન નીકળવા અપીલ કરી છે. સાથે જ કહ્યું કે, લોકોએ વધુમાં વધુ છાશ અને પાણી પીવું જોઈએ.

અદાણી જૂથે વિદેશી અહેવાલને ખોટો ગણાવ્યો

અદાણી જૂથ પર કોલસાની ખરીદી અને વેચાણમાં છેતરપિંડીનો આરોપ લાગ્યા

અબજોપતિ ગૌતમ અદાણીની આગેવાની હેઠળની અદાણી ગ્રુપની શેરબજારમાં લિસ્ટેડ કંપનીઓના શેરમાં સતત વધારો થઈ રહ્યો છે

નવી દિલ્હી, તા.૨૩

અબજોપતિ ગૌતમ અદાણીની આગેવાની હેઠળની અદાણી ગ્રુપની શેરબજારમાં લિસ્ટેડ કંપનીઓના શેરમાં સતત વધારો થઈ રહ્યો છે. જો કે, આ દરમિયાન, એક અખબારના અહેવાલે જૂથ પર છેતરપિંડીનો આરોપ લગાવીને સનસનાટી મચાવી દીધી હતી. લંડન સ્થિત ફાઈનાન્સિયલ ટાઈમ્સના એક અહેવાલમાં શંકા વ્યક્ત કરવામાં આવી હતી કે અદાણી જૂથે 2013માં નીચા-ગ્રેડના કોલસાને ઊંચી કિંમતના ઈંધણ તરીકે વેચીને છેતરપિંડી કરી હતી. હવે જૂથે આ મામલે સ્પષ્ટતા આપતા નિવેદન જારી કર્યું છે અને આવા આરોપોને ખોટા અને પાયાવિહોણા ગણાવ્યા છે.સંગઠિત અપરાધ અને ભ્રષ્ટાચાર રિપોર્ટિંગ પ્રોજેક્ટ (OCRP) ના દસ્તાવેજોને ટાંકીને અદાણી ગ્રુપ પરના ફાઈનાન્સિયલ ટાઈમ્સનો અહેવાલ, 2013માં અદાણી જૂથ દ્વારા ઉંચી કિંમતે અત્યંત નીચા-ગ્રેડનો કોલસો વેચીને છેતરપિંડીનો આક્ષેપ કરવામાં આવ્યો હતો જ્યારે તેને ઉચ્ચ ગ્રેડના કોલસા તરીકે પસાર કરવામાં આવ્યો હતો. શંકા ઉપજી હતી.

અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે આગામી વર્ષે જાન્યુઆરી 2014માં અદાણી ગ્રુપે ઈન્ડોનેશિયાની કંપની પાસેથી 28 ડોલર પ્રતિ ટનના ભાવે 'લો-ગ્રેડ' કોલસો ખરીદ્યો હતો. આ શિપમેન્ટ તમિલનાડુ જનરેશન એન્ડ ડિસ્ટ્રિબ્યુશન કંપની (TANGEDCO) ને ઉચ્ચ ગુણવત્તાવાળા કોલસા તરીકે સરેરાશ $91.91 પ્રતિ મેટ્રિક ટનના ભાવે વેચવામાં આવ્યું હતું.આ આરોપો અંગે અદાણી ગ્રુપ દ્વારા એક નિવેદન જારી કરવામાં આવ્યું છે અને ગ્રુપના પ્રવક્તાએ આવા તમામ આરોપોને ખોટા અને પાયાવિહોણા ગણાવ્યા છે. તેમણે કહ્યું કે અદાણી ગ્લોબલ Pte લિમિટેડે ટેન્ડર અને POમાં નિર્ધારિત ગુણવત્તાના ધોરણોની તુલનામાં TANGEDCOને હલકી ગુણવત્તાનો કોલસો સપ્લાય કર્યો હોવાના દાવા સંપૂર્ણપણે ખોટા છે.

પ્રવક્તાએ જણાવ્યું હતું કે એજન્સીઓએ વિવિધ સ્થળોએ સપ્લાય કરાયેલા કોલસાની સંપૂર્ણ ગુણવત્તાની ચકાસણી કરી હતી અને આ સ્પષ્ટપણે દર્શાવે છે કે હલકી ગુણવત્તાના કોલસાના સપ્લાયનો આરોપ માત્ર પાયાવિહોણો અને ખોટો છે.

સેન્સેક્સમાં ૧૨૦૦ પોઈન્ટનો ઉછાળો

આજના સત્રના અંતે સેન્સેક્સ ૭૫,૪૧૮ પર બંધ રહ્યો હતો

નિફ્ટી ૩૭૦ પોઈન્ટ વધ્યો, ૨૨,૯૬૭ પર બંધ થયો

મુંબઈ, તા.૨૩

ગુરુવારે શેરબજારમાં જોરદાર તેજી આવી હતી જેમાં બીએસઈ સેન્સેક્સ અને નિફ્ટી ૫૦ ઈન્ડેક્સમાં એવો ઉછાળો આવ્યો કે બંને લાઈફ ટાઈમ હાઈ સપાટી પર પહોંચી ગયા હતા. સેન્સેક્સ લગભગ ૭૫,૫૦૦ની ઉપર બંધ આવ્યો હતો જ્યારે નિફ્ટી ૨૩,૦૦૦ની સપાટીથી સહેજ નીચે રહી ગયો હતો. સેન્સેક્સમાં આજે લગભગ ૧૨૦૦ પોઈન્ટનો કૂદકો જોવા મળ્યો છે.

આજના સત્રના અંતે સેન્સેક્સ ૭૫,૪૧૮ પર બંધ હતો. સેન્સેક્સ ૧૧૯૭ પોઈન્ટ અથવા ૧.૬૧ ટકા વધ્યો હતો અને નિફ્ટી ૩૭૦ પોઈન્ટ અથવા ૧.૬૪ ટકા વધ્યો હતો અને ૨૨,૯૬૭ પર બંધ થયો હતો. આજે ટ્રેડિંગ સત્રની શરૂઆત થઈ તે અગાઉ રોકાણકારોએ યુએસ ફેડના વડા અને રિઝર્વ બેંકના વડાના વલણને જોયું હતું અને તેના આધારે દાવ લગાવ્યો હતો.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા સરકારને ૨.૧૦ લાખ કરોડ રૂપિયાનું ડિવિડન્ડ આપવાની જાહેરાત થઈ છે જે એક રેકોર્ડ છે. આ બાબતને રોકાણકારોએ બહુ ગંભીરતાથી લીધી છે અને બજારમાં તેના કારણે ઉછાળો આવ્યો છે.

સાથે સાથે નિફ્ટી એક ટકા કરતા વધુ વધ્યો હતો અને ૨૨,૯૦૦ની સપાટી પાર કરી હતી તથા નવી ઓલ ટાઈમ હાઈ સપાટી બનાવી હતી.

ઈકરાના ચીફ ઈકોનોમિસ્ટ અદિતી નાયરે કહ્યું કે બજેટના અંદાજ કરતાપણ વધુ આરબીઆઈ સરપ્લસ ટ્રાન્સફર થવાના કારણે સરકાર પાસે રિસોર્સમાં વધારો થશે અને સરકાર વધારે ખર્ચ કરી શકશે. આ ઉપરાંત રાજકોષીય ખાધની સ્થિતિ પણ અંકુશમાં આવશે.

સરકાર પાસે ડિવિડન્ડ તરીકે એટલી મોટી રકમ આવવાની છે કે સરકારે હવે ઓછું ઋણ લેવું પડશે. તેના કારણે બોન્ડ યીલ્ડ ઘટી છે અને બેંકિંગ કંપનીઓના શેર માટે આ બહુ સારી વાત છે. આજે નિફ્ટી બેંક ઈન્ડેક્સ ૧.૬ ટકા વધ્યો હતો જ્યારે પીએસયુ રેલ એન્ડ ડિફેન્સ શેરોમાં ઝડપી વધારો જોવા મળ્યો છે. જીઆરએસઈ, કોચિન શિપયાર્ડ, મઝગાંવ ડોકના શેર ૨૦ ટકા સુધી વધ્યા હતા. પીએસયુ રેલ કંપનીઓના શેરમાં ૭થી ૮ ટકા સુધી વધારો થયો હતો.

ચાલુ મહિનામાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા બજારમાંથી ભારે વેચવાલી ચાલુ છે. છતાં એનાલિસ્ટ્સને અપેક્ષા છે કે હવે વિદેશી રોકાણકારો પણ ખરીદી શરૂ કરી શકે છે. તેનાથી બજારને એક વધારાનો સપોર્ટ મળશે. નિફ્ટી માટે તાત્કાલિક ટાર્ગેટ ૨૩,૦૦૦નો છે અને ચૂંટણીના રિઝલ્ટ નજીક આવે ત્યારે તે ૨૪,૦૦૦ સુધી પણ જઈ શકે છે. જોકે, લાર્જ કેપ શેરોનો દેખાવ સારો રહેશે પણ મિડકેપ અને સ્મોલકેપ્સ અંડરપરફોર્મ કરે તેવી શક્યતા છે.

RTI માં થયો મોટો ખુલાસો

આ વર્ષે આઈઆઈટીના ૩૮% વિદ્યાર્થીને નોકરી નથી મળી

એન્જિનિયરીંગ સંસ્થાઓ IIT જે એક સમયે નોકરીની ગેરન્ટી ગણાતી હતી, આજે પ્લેસમેન્ટ કટોકટીનો સામનો કરી રહી છે

નવી દિલ્હી, તા.૨૩

ભારતની પ્રતિષ્ઠિત એન્જિનિયરીંગ સંસ્થાઓ IIT જે એક સમયે નોકરીની ગેરન્ટી ગણાતી હતી, આજે અભૂતપૂર્વ પ્લેસમેન્ટ કટોકટીનો સામનો કરી રહી છે. IIT કાનપુરના ભૂતપૂર્વ વિદ્યાર્થી ધીરજ સિંહ દ્વારા દાખલ કરાયેલી આરટીઆઈની અરજીના જવાબમાં ચોંકાવનારા આંકડાઓ સામે આવ્યા છે. આ વર્ષે ૨૩ IIT કેમ્પસમાંથી લગભગ ૮,૦૦૦ (૩૮ ટકા) વિદ્યાર્થીઓને નોકરી મળી નથી. ૨૦૨૪માં પ્લેસમેન્ટ માટે નોંધણી કરાવનારા ૨૧,૫૦૦ વિદ્યાર્થીઓમાંથી માત્ર ૧૩,૪૧૦ને જ નોકરી મળી છે જ્યારે ૩૮ ટકા વિદ્યાર્થીઓ હજુ બેરોજગાર છે. આ આંકડો બે વર્ષ પહેલા કરતા ઘણો વધારે છે, જ્યારે ૩,૪૦૦ (૧૯ ટકા) વિદ્યાર્થીઓને નોકરી મળી ન હતી. નવ જૂની આઈઆઈટીની સ્થિતિ વધુ ચિંતાજનક છે. આ વર્ષે પ્લેસમેન્ટ માટે નોંધણી કરાવનારા ૧૬,૪૦૦ વિદ્યાર્થીઓમાંથી ૬,૦૫૦ (૩૭ટકા) ને હજુ સુધી નોકરી મળી નથી. નવી ૧૪ IIT માં પણ ૫,૧૦૦ નોંધાયેલા વિદ્યાર્થીઓમાંથી, ૨,૦૪૦ (૪૦ ટકા) વિદ્યાર્થીઓ બેરોજગાર છે.

કન્સલ્ટન્ટ અને IIT કાનપુરના ભૂતપૂર્વ વિદ્યાર્થી ધીરજ સિંહે LinkedIn પર આ ચિંતાજનક આંકડા શેર કર્યા છે. તેમણે લખ્યું હતું કે "ગયા વર્ષે IIT ખડગપુરમાં ૩૩ ટકા વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ મારફતે નોકરીઓ મળી ન હતી. પ્લેસમેન્ટની નબળી સ્થિતિને કારણે બેરોજગાર વિદ્યાર્થીઓ તણાવ, ચિંતા અને નિરાશાથી પીડાઈ રહ્યા છે."

IIT દિલ્હીના ૨૨ ટકા વિદ્યાર્થીઓને છેલ્લા પાંચ વર્ષમાં નોકરી મળી નથી, અને ૨૦૨૪માં આ આંકડો વધીને ૪૦ ટકા થઈ જશે. છેલ્લા બે વર્ષમાં ૬૦૦ વિદ્યાર્થીઓને IIT દિલ્હીમાં નોકરી મળી નથી. IIT દિલ્હીએ તેના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને ઈમેઈલ કરીને નોકરી મેળવવામાં મદદ માંગી છે અને વર્તમાન બેચમાં પાસ આઉટ થયેલા વિદ્યાર્થીઓની ભલામણ કરી છે. IIT-Bombay અને બિરલા ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી એન્ડ સાયન્સે પણ તેમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પાસેથી મદદ માંગી છે.૨૦૨૨ થી ૨૦૨૪ સુધીમાં જૂની 9 IITમાં નોંધાયેલા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૧.૨ ગણો વધારો થયો છે, જ્યારે બેરોજગાર વિદ્યાર્થીઓની સંખ્યામાં ૨.૧ ગણો વધારો થયો છે. નવી 14 IITમાં નોંધાયેલા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૧.૩ ગણો વધારો થયો છે, પરંતુ બેરોજગાર વિદ્યાર્થીઓની સંખ્યામાં ૩.૮ ગણો વધારો થયો છે. આ પ્લેસમેન્ટ કટોકટી વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય પર પણ અસર કરી રહી છે. આ વર્ષે કુલ A IIT વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી છે, જે ઘણા લોકો દ્વારા સામનો કરવામાં આવેલ ગંભીર તણાવ અને ચિંતાને પ્રતિબિંબિત કરે છે. સિંઘે કહ્યું હતું કે "બેરોજગાર વિદ્યાર્થીઓની સંખ્યામાં બમણો વધારો દેશની શ્રેષ્ઠ એન્જિનિયરિંગ કોલેજોમાં ચિંતાજનક સ્થિતિ તરફ નિર્દેશ કરે છે. લગભગ ૬૧ ટકા અનુસ્નાતકો હજુ પણ બેરોજગાર છે. આ એક અભૂતપૂર્વ રોજગાર સંકટ છે જે આપણી પ્રીમિયર કોલેજો અને આપણા યુવા સ્નાતકો સામનો કરી રહ્યા છે."જેમ જેમ IIT આ મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહી છે પ્લેસમેન્ટની સ્થિતિ એ એક મહત્વપૂર્ણ મુદ્દો છે જેના પર તાત્કાલિક ધ્યાન આપવાની અને ઉકેલો શોધવાની જરૂર છે.

અત્યારે ‘લાઈફસ્ટાઈલ’માં ફિટ નથી : પોન્ટિંગ

રિકી પોન્ટિંગે ભારતીય ટીમના કોચ બનવાની ઓફરને ઠોકર મારી!

પૂર્વ બેટ્સમેન રિકી પોન્ટિંગે ખુલાસો કર્યો છે કે ભારતીય ટીમના મુખ્ય કોચ પદ માટે તેમનો સંપર્ક કરાયો હતો

નવી દિલ્હી, તા.૨૩

ઓસ્ટ્રેલિયાના પૂર્વ બેટ્સમેન રિકી પોન્ટિંગે ખુલાસો કર્યો છે કે ભારતીય ટીમના મુખ્ય કોચ પદ માટે તેમનો સંપર્ક કરવામાં આવ્યો હતો. પરંતુ તેણે આ ઓફર ફગાવી દીધી હતી. પોન્ટિંગે કહ્યું કે આ અત્યારે તેની ‘લાઈફસ્ટાઈલ’માં ફિટ નથી. દિલ્હી કેપિટલ્સના મુખ્ય કોચ તરીકે તાજેતરમાં ૭ સિઝન પૂર્ણ કરનાર પોન્ટિંગ અગાઉ ઓસ્ટ્રેલિયાના વચગાળાના T20 કોચ રહી ચૂક્યા છે. તેણે એ નથી કહ્યું કે BCCI તરફથી ભારતીય કોચ પદ માટે કોઈ સૂચન આવ્યું છે કે નહીં.

રિકી પોન્ટિંગે આઈસીસીને કહ્યું, ‘આઈપીએલ દરમિયાન મને આ પોસ્ટમાં રસ છે કે નહીં તે જાણવા માટે કેટલીક વાતચીત થઈ હતી. મને રાષ્ટ્રીય ટીમનો સિનિયર કોચ બનવું ગમશે. મારી પાસે મારા જીવનમાં અન્ય વસ્તુઓ છે અને હું ઘરે થોડો સમય પસાર કરવા માંગુ છું. દરેક વ્યક્તિ જાણે છે કે જો તમે ભારતીય ટીમ સાથે કામ કરો છો તો તમે IPL ટીમ સાથે નહીં જોડાઈ શકો. તેમજ રાષ્ટ્રીય મુખ્ય કોચ બનવું એ વર્ષમાં ૧૦ કે ૧૧ મહિનાની નોકરી છે, અને હું તે કરવા માંગું છું પરંતુ તે મારી જીવનશૈલી અને મને ખરેખર જે કરવું ગમે છે તેમાં બંધબેસતું નથી.’

પોન્ટિંગે કહ્યું કે તેણે તેમના દીકરા સાથે પ્રસ્તાવ અંગે ચર્ચા કરી અને તે ભારત આવવા માટે તૈયાર જણાતો હતો. તેમણે કહ્યું, ‘મારા પરિવાર અને મારા બાળકોએ છેલ્લા પાંચ અઠવાડિયા મારી સાથે IPLમાં વિતાવ્યા છે અને તેઓ દર વર્ષે અહીં આવે છે અને મેં મારા દીકરાને તેના વિશે જણાવ્યું હતું. મેં કહ્યું, ‘પાપાને ભારતીય કોચની નોકરીની ઓફર કરવામાં આવી છે’ અને તેણે કહ્યું, ‘બસ તેને સ્વીકારી લો પાપા, અમને આગામી થોડા વર્ષો સુધી ત્યાં જવાનું ગમશે.. તેઓ ત્યાં રહેવાનું અને ભારતમાં ક્રિકેટની સંસ્કૃતિ કેટલી પસંદ છે. જોકે, અત્યારે તે કદાચ મારી જીવનશૈલીમાં સંપૂર્ણપણે બંધબેસતું નથી.

નોંધનીય છે કે, હાલ રિકી પોન્ટિંગ દિલ્હી કેપિટલનો કોચ છે, દિલ્હીની ટીમ છેક સુધી પ્લેઓફમાં એન્ટ્રી કરવાની રેસમાં હતી, પરંતુ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે મળેલી હારના કારણે ટીમ ફેંકાઈ ગઈ હતી. આ વખતે ટીમમાં રિષભ પંતનું કમબેક થયું હતું જેના કારણે શરુઆતના દિવસોમાં ટીમ ઘણી ચર્ચામાં હતી.

Google Pixel સ્માર્ટફોન ભારતમાં બનાવશે

ભારતમાં GOOGLE PIXEL 8 ઉત્પાદન માટે ડિક્સન ટેક્નોલોજીસની પસંદગી

આલ્ફાબેટનો ભારતમાં ધીમે ધીમે ઉત્પાદન વધારવા લક્ષ્યાંક

નવી દિલ્હી, તા.૨૩

આ નવીનતમ વિકાસ ગયા વર્ષના ઓક્ટોબરમાં આલ્ફાબેટની જાહેરાતને અનુસરે છે કે Google Pixel સ્માર્ટફોન ભારતમાં બનાવવામાં આવશે. મળતા અહેવાલ અનુસાર, આલ્ફાબેટ ઈંક. એ ભારતમાં તેના ઉબેર-પ્રીમિયમ ગૂગલ પિક્સેલ ૮ સ્માર્ટફોન બનાવવા માટે સ્થાનિક કોન્ટ્રાક્ટ નિર્માતા ડિક્સન ટેક્નોલોજીસની પસંદગી કરી છે.ભારતમાં બનેલા આ ગેજેટ્સની પ્રારંભિક બેચ સપ્ટેમ્બર સુધીમાં સુલભ થઈ જવી જોઈએ કારણ કે ટ્રાયલ મેન્યુફેક્ચરિંગ તબક્કો શરૂ થયો છે. રિપોર્ટ અનુસાર, આ મેડ-ઈન-ઈન્ડિયા ગેજેટ્સનું પ્રથમ શિપમેન્ટ સપ્ટેમ્બર સુધીમાં તૈયાર થઈ શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, Google સ્થાનિક બજારની માંગ તેમજ સંભવિત નિકાસને પૂર્ણ કરવા માટે ભારતીય ઉત્પાદનનો ઉપયોગ કરવાનો છે.

સૂત્રોને ટાંકીને, રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ડિક્સન ટેક્નોલોજીસ પર સેટલ થયા પહેલા ગૂગલ એક વર્ષથી વધુ મૂલ્યના સંભવિત ઉત્પાદન ભાગીદારો સાથે વાટાઘાટો કરી રહ્યું હતું. આ નવીનતમ વિકાસ ગયા વર્ષના ઓક્ટોબરમાં આલ્ફાબેટની જાહેરાતને અનુસરે છે કે Google Pixel સ્માર્ટફોન ભારતમાં બનાવવામાં આવશે. તે એકમાત્ર મોટી આંતરરાષ્ટ્રીય સ્માર્ટફોન બ્રાન્ડ છે જે મેક ઈન ઈન્ડિયા સ્માર્ટફોન ડ્રાઈવ્સમાં ગેરહાજર હતી. દરમિયાન, સૂત્રોએ ઈકોનોમિક ટાઈમ્સને વધુમાં જણાવ્યું હતું કે ડિક્સન ભારતમાં સ્માર્ટફોન માર્કેટનો મોટો હિસ્સો મેળવવાનું લક્ષ્ય ધરાવે છે, જે વૈશ્વિક સ્તરે બીજા નંબરનું સૌથી મોટું બજાર છે, તેના Pixel ઉત્પાદનને દર મહિને ૧૦૦,૦૦૦ ઉપકરણો સુધી વધારીને, ૨૫-૩૦% ફાળવવામાં આવે છે. નિકાસ માટે. ભારતમાં, એક્ઝિક્યુટિવ્સના જણાવ્યા અનુસાર, ૮૦% થી વધુ પિક્સેલ પિક્સેલ ૮ વેરિઅન્ટ વેચાય છે.અધિકારીઓના જણાવ્યા અનુસાર, આલ્ફાબેટ એપલની જેમ ભારતમાં ધીમે ધીમે ઉત્પાદન વધારવાનો ઈરાદો ધરાવે છે. તેમના જણાવ્યા મુજબ, ડિક્સન દેશમાં હાલના અને ભાવિ બંને પિક્સેલ મોડલનું ઉત્પાદન કરી શકે છે. એવું કહેવામાં આવ્યું હતું કે આલ્ફાબેટ ભારતમાં બીજા મેન્યુફેક્ચરિંગ પાર્ટનરને ધ્યાનમાં લઈ શકે છે.અહેવાલ મુજબ, Google અને Foxconn ભારતમાં Pixel સ્માર્ટફોનનું ઉત્પાદન કરવા અંગે ચર્ચામાં છે. વધુમાં, Google ભારતીય બજારનો મોટો હિસ્સો કબજે કરવાના પ્રયાસમાં આ પગલું ઉઠાવી રહ્યું છે કારણ કે તે અગાઉના પ્રયાસોમાં આમ કરવામાં અસમર્થ હતું. વિશ્લેષકોના મતે, ૫૦,૦૦૦ રૂપિયાથી વધુ કિંમતની શ્રેણીમાં, લોકો Appleના iPhones અથવા Samsungના Galaxy સ્માર્ટફોનને પસંદ કરે છે. હાલમાં, આઈફોન ૧૫ અને ૧૫ પ્લસના લગભગ દરેક મોડલ, ભારતમાં માર્કેટિંગ કરાયેલા અગાઉના છૅન્ની સ્માર્ટફોન્સ સાથે, સેમસંગના હાઈ-એન્ડ વેરિઅન્ટની જેમ સ્થાનિક રીતે બનાવવામાં આવે છે.

કાર્યક્રમમાં તમામ લેજન્ડ્સ હાજર રહ્યા

પૂર્વ ક્રિકેટર સુનિલ ગાવસ્કરે ક્રિકેટ મહારથીઓને આપ્યું હતું આમંત્રણ

જૂની પેઢીના ક્રિકેટર્સથી માંડીને સંદિપ પાટીલ, કિરણ મોરે, મોહિન્દર અમરનાથ ઉપરાતં સચિન ઉપસ્થિત રહ્યા હતા

મુંબઈ, તા.૨૩

એક સમયે ભારત અને દુનિયાભરના ક્રિકેટ સ્ટેડિયમ ગજવનારા મહારથી ક્રિકેટરોનું એક યાદગાર મિલન ખ્યાતનામ ક્રિકેટર સુનિલ ગાવસ્કરે મુંબઈમાં તાજેતરમાં યોજ્યું હતું. તેમાં ૮૦-૯૦ વર્ષ વટાવી ગયેલા નરી કોન્ટ્રાક્ટર અને ચંદુ બોરડે જેવા જૂની પેઢીના ક્રિકેટર્સથી માંડીને સંદિપ પાટીલ, કિરણ મોરે, મોહિન્દર અમરનાથ ઉપરાતં સચિન તેંડુલકર અને પ્રવીણ આમરે સહિતના નવા જૂના ક્રિકેટર્સ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ગાવસ્કરે ખુદ આ યાદગાર ક્ષણો પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટસ પર પણ શેર કરી છે.

ગાવસ્કરે ગયા ગુરુવારે મુંબઈમાં બીકેસી ખાતે એક પ્રાઈવેટ કલબમાં આ મહારથીઓને આમંત્રણ આપ્યું હતું. લિજન્ડસ ઓફ ક્રિકેટ એવાં ટાઈટલ સાથે યોજાયેલા આ સમારોહમાં કેટલાક ક્રિકેટર્સ તો કદાચ દાયકાઓ પછી એકબીજાને મળ્યા હતા અને પરસ્પર જૂનાં સંસ્મરણો વાગોળી ત્યારનાં ક્રિકેટ વિશ્વ અને અત્યારના આઈપીએલના જમાનાની વાતો કરી ભાવવિભોર બન્યા હતા.

આ મિલનમાં ગાવસ્કરે પોતાના બાળપણના મિત્રો, ક્રિકેટર તરીકેની કારકિર્દી દરમિયાન જેમની સાથે આજીવન ભાવસંબંધો બંધાયા તેવા ક્રિકેટર્સ તથા અન્ય મહાનુભવોને પણ આમંત્રણ આપ્યું હતું. ગાવસ્કરનું આમંત્રણ સ્વીકારી ૧૯૮૩ના વર્લ્ડ કપ ક્રિકેટના હિરો જીમી તરીકે ઓળખાતા મોહિન્દર અમરનાથ, ભારતીય ક્રિકેટ ટીમના હાલના સિલેક્ટર અજિત અગરકર સહિતના જૂના ક્રિકેટરો પણ હાજર રહ્યા હતા. જોકે, આ સમારોહમાં કેટલાય વયોવૃદ્ધ ક્રિકેટ હસ્તીઓએ હાજર રહી ચાર ચાંદ લગાવી દધા હતા. ૯૦ વર્ષના નરી કોન્ટ્રાક્ટર, ૮૯ વર્ષના ચંદુ બોર્ડે, લેગ સ્પીનર ૯૩ વર્ષના ચંદુ જોશીની હાજરીથી જાણે દાયકાઓ પહેલાંની ભારતીય ક્રિકેટની ક્ષણો જીવંત થઈ ઉઠી હતી. સચિન તેંડુલકરે પણ પોતાના પૂરોગામીઓ તથા અનુગામી ક્રિકેટર્સને મળવાની તક ઝડપી આ પાર્ટીમાં ખાસ હાજરી આપી હતી. ગાવસ્કરની સાથે રમી ચૂકેલા સંદિપ પાટિલ અને કિરણ મોરે પણ તે દિવસોનાં સંસ્મરણો લઈને ઉપસ્થિત હતા.

ગાવસ્કરે ફર્સ્ટ કલાસ ક્રિકેટમાં ૨૯૨ વિકેટો ઝડપનારા જોશીની ઓળખ આપતાં કહ્યું હતું કે તેઓ અતિશય તેજસ્વી લેગ સ્પીનર હતા અને તેઓ આજે એક ટોચના સ્થપતિ પણ છે. સિઓલ ઓલિમ્પિકમાં ભારત માટે ગોલ્ડ મેડલ જીતનારી ભારતીય ટીમના સભ્ય એમ.એમ. સૌમેયા, કલાકારો નાના પાટેકર, સચિન પિલગાંવકર, સચિન ખેડેકર ઉપરાંત પ્રવીણ આમરે, જતીન રાંજપે, મુંબઈના પૂર્વ કેપ્ટન મિલિંદ રેગે, તથા બીસીસીઆઈના પદાધિકારીઓ પણ ઉપસ્થિત હતા.

અરવલ્લીમાં નકલી સરકારી કચેરીમાં થયો ખુલાસો

ભાજપના નેતા ભીખાજી ડામોરના વેવાઈની સંડોવણી હોવાનું બહાર આવ્યું

ત્રણ વર્ષથી ચાલતી આ નકલી કચેરી અંગે બાયડના ધારાસભ્યએ પર્દાફાશ કર્યો હતો

અરવલ્લી,તા.૨૩

આ નકલી કચેરીમાંથી ૫૦ થી વધુ રબ્બર સ્ટેમ્પ, લેટર પેડ, કોમ્પ્યુટર, બિલો અને પ્રિન્ટર સહિતનો મુદ્દમાલ પોલીસને મળી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં સિંચાઈના વર્તમાન અને નિવૃત અધિકારીઓ આ નકલી કચેરી ચલાવતા હોવાની શંકા વ્યક્ત કરાઈ હતી. આ કચેરીમાં જિલ્લા પંચાયત સિંચાઈ વિભાગના અધિકારીઓ અને નિવૃત અધિકારીઓ કામ કરતા જોવા મલ્યા હતા. ત્રણ વર્ષથી ચાલતી આ નકલી કચેરી અંગે બાયડના ધારાસભ્યએ પર્દાફાશ કર્યો હતો.

બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાને આ અંગે માહિતી મળતા તેમણે જિલ્લા કલેક્ટર અને પોલીસ વડાનું ધ્યાન દોર્યું હતું. જોકે યોગ્ય તપાસ હાથ ન ધરાતા ધારાસભ્યએ આ નકલી કચેરીની સ્થળ તપાસ નકલી મુદ્દમાલ મળી આવ્યો હતો. તે સિવાય તળાવો ભરવાની મંદુરીના પત્રો, પણ મળ્યા હતા. તે સિવાય અહીંથી જલારામ સિમેન્ટ ડેપો, ભાગ્યોદય હાર્ડવેર, ક્રિષ્ના ટ્રેડર્સ અને શિવમ સિમેન્ટ ડેપો વગેરે પેઢીના કોરા બિલો મળી આવ્યા હતા.

આ નકલી કચેરીમાં ભાજપના નેતા ભીખાડી ડામોરના વેવાઈની સંડોવણી હોવાનું બહાર આવતા ચકચાર મચી છે.

બંગાળની ખાડીમાં ચક્રવાત રેમાલનો ખતરો

પશ્ચિમ બંગાળના દરિયાકિનારે વાવાઝોડું લેન્ડફોલ કરી શકે છે

શુક્રવારે સવાર સુધીમાં ડિપ્રેશન વધુ તીવ્ર બનીને ડીપ ડિપ્રેશનમાં પરિવર્તિત થઈ શકે છે રેમાલ વાવાઝોડું

નવી દિલ્હી, તા.૨૩

ગુજરાતમાં ઉનાળાની ભયંકર ગરમીએ જમાવટ કરી છે અને ચોમાસુ હજુ એક મહિનો દૂર છે. આ દરમિયાન બંગાળની ખાડીમાં ચક્રવાતી વાવાઝોડું રચાયું છે. દરિયામાં વાવાઝોડાનો સ્પષ્ટ ખતરો છે અને પશ્ચિમ બંગાળના દરિયાકિનારે તે શુક્રવારે સવારથી શનિવાર વચ્ચે લેન્ડફોલ કરી શકે છે. રેમાલ વાવાઝોડું પોતાની સાથે વરસાદ પણ લાવશે અને કેટલાક વિસ્તારોમાં ભારે નુકસાન પહોંચાડી શકે છે. આ દરમિયાન અમુક રાજ્યોમાં ભારે વરસાદની આગાહી પણ કરવામાં આવી છે.

હવામાન ખાતાના જણાવ્યા પ્રમાણે બંગાળની ખાડીમાં લો પ્રેશર સર્જાઈ ચૂક્યું છે. આ વખતે વાવાઝોડાની શક્તિ વધારે જોવા મળી રહી છે. જાણકારોનું કહેવું છે કે શુક્રવારે સવાર સુધીમાં ડિપ્રેશન વધુ તીવ્ર બનીને ડીપ ડિપ્રેશનમાં પરિવર્તિત થઈ શકે છે. સ્થિતિ આવી જ રહેશે તો ડીપ ડિપ્રેશન શનિવાર સુધીમાં ચક્રવાતમાં પરિણમી શકે છે. જ્યારે ચક્રવાત બનશે ત્યારે તેનું નામ ‘રેમાલ’ ગણવામાં આવશે.

હવામાનશાસ્ત્રીઓ બંગાળની ખાડી પરની સિસ્ટમ પર નજીકથી નજર રાખી રહ્યા છે. હવામાન વિભાગે હજુ સુધી આ ચક્રવાતના લેન્ડફોલ વિશે કંઈપણ સ્પષ્ટ કર્યું નથી. અહીં મહત્ત્વની વાત એ છે કે ૨૫ મેના રોજ લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કાનું મતદાન થશે. તે જ દિવસે દક્ષિણ બંગાળના જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી શનિવારે બંગાળના મેદિનીપુર, ઝારગ્રામ, પુરુલિયા અને બાંકુરામાં મતદાન થવાનું છે.

વરસાદ અને વાવાઝોડાની શનિવારની ચૂંટણી પર મોટી અસર પડી શકે તેવી સંભાવના જોવામાં આવે છે. ચૂંટણી પંચે આ અંગે સંબંધિત જિલ્લા પ્રશાસનને તમામ પ્રકારની સાવચેતીનાં પગલાં લેવાનો આદેશ આપી દીધો છે. ગુજરાત પર વરસાદની કોઈ સ્થિતિ જોવા મળશે કે નહીં તે વિશે હવામાન વિભાગ દ્વારા કોઈ જાહેરાત કે ચેતવણી આપવામાં આવી નથી. કેરળમાં કેટલાક દિવસથી વરસાદ શરૂ થઈ ગયો છે પરંતુ સત્તાવાર રીતે ચોમાસુ બેસી ગયું છે તેમ કહી શકાય નહીં. ગુજરાતમાં ૨૦ જૂનથી ૩૧ જૂન વચ્ચે ચોમાસાનું વિધિવત આગમન થાય તેવી શક્યતા છે. IMDના ડિરેક્ટર જનરલ મૃત્યુંજય મહાપાત્રાએ આ સપ્તાહની શરૂઆતમાં જણાવ્યું હતું કે જૂનના પ્રારંભમાં આ બેસિન પર સાયક્લોજેનેસિસની શક્યતાઓ વધારે છે.

હવામાન ખાતાએ પોતાના અપડેટમાં જણાવ્યું છે કે “ઉત્તર તમિલનાડુ-દક્ષિણ આંધ્રપ્રદેશના દરિયાકાંઠે નીચા દબાણનો વિસ્તાર સર્જાયો છે. તે ઉત્તર-પૂર્વ તરફ આગળ વધવાની અને ૨૪ મેની શરૂઆતમાં બંગાળની ખાડીના મધ્ય ભાગોમાં ડિપ્રેશનમાં મજબૂત થવાની સંભાવના છે, તે ઉત્તર-પૂર્વ તરફ આગળ વધવાનું ચાલુ રાખશે અને ત્યારબાદ વધુ તીવ્ર બનશે. ૨૫ અને ૨૬ મેના રોજ આસામ, મણિપુર, મિઝોરમ, મેઘાલય, નાગાલેન્ડ, ત્રિપુરા અને અરુણાચલ પ્રદેશમાં પવન સાથે વરસાદ થઈ શકે છે. આ ઉપરાંત દક્ષિણ ભારતના રાજ્યોમાં પણ ભારે વરસાદની સંભાવના જોવામાં આવે છે.

પાછળના ગેટની બહાર ગયો અને ત્યાંથી નીકળી ગયા

શાહરૂખ ખાનને હોસ્પિટલમાંથી સારવાર બાદ રજા આપી દેવાઈ

લગભગ ૩૦ કલાક સુધી હોસ્પિટલમાં દાખલ રહ્યા બાદ સુપરસ્ટારને રજા આપવામાં આવી હતી

અમદાવાદ,તા.૨૩

શાહરૂખ ખાનને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. લગભગ ૩૦ કલાક સુધી હોસ્પિટલમાં દાખલ રહ્યા બાદ સુપરસ્ટારને રજા આપવામાં આવી છે. ડિસ્ચાર્જ બાદ શાહરૂખ ખાન એરપોર્ટ જવા રવાના થઈ ગયા હતા. અમદાવાદની કેડી હોસ્પિટલમાં દાખલ શાહરૂખ ખાનને રજા આપવામાં આવી હતી. સમાચાર અનુસાર, શાહરૂખ ખાનની એક ઝલક મેળવવા માટે સમગ્ર મીડિયા આખો દિવસ મુખ્ય ગેટ પર ઊભું હતું. પરંતુ શાહરૂખ ત્યાંથી ન નીકળ્યો, પાછળના ગેટની બહાર ગયો અને ત્યાંથી નીકળી ગયો. એવા અહેવાલો છે કે શાહરૂખ હોસ્પિટલમાંથી રજા મળ્યા પછી તરત જ એરપોર્ટ પર ગયો હતો અને માહિતી સામે આવી છે કે તે મુંબઈ જવા રવાના થઈ ગયો છે.

સુપરસ્ટાર શાહરૂખ ખાનના સ્વાસ્થ્ય વિશે અપડેટ આપતા તેમની મેનેજર પૂજા દદલાનીએ કહ્યું કે તેઓ હવે ઠીક છે. તમને જણાવી દઈએ કે ગઈકાલે અમદાવાદમાં શાહરૂખ ખાનને ડીહાઈડ્રેશનના કારણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. કિંગ ખાનની મેનેજરે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને તેના સ્વાસ્થ્ય વિશે જાણકારી આપી છે.

પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર પોસ્ટ કરતા પૂજાએ લખ્યું - હું મિસ્ટર ખાનના ફેન્સ અને શુભેચ્છકોને જણાવું કે તે હવે ઠીક છે. તમારા પ્રેમ, તમારી પ્રાર્થના અને તમારી ચિંતા માટે ખૂબ ખૂબ આભાર.

તમને જણાવી દઈએ કે ગઈકાલે એટલે કે ૨૨ મે, ૨૦૨૪ના રોજ શાહરૂખ ખાનની તબિયત હીટસ્ટ્રોકના કારણે બગડી હતી અને ડીહાઈડ્રેશનના કારણે તેમને અમદાવાદની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમને બપોરે લગભગ ૧ વાગ્યે અમદાવાદની કેડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, ત્યારબાદ તેમની પત્ની ગૌરી ખાન પણ સાંજ સુધીમાં હોસ્પિટલ પહોંચી હતી. અભિનેત્રી જુહી ખાન પણ તેના પતિ જય મહેતા સાથે શાહરૂખ ખાનની હાલત જાણવા હોસ્પિટલ ગઈ હતી. અભિનેત્રીએ પણ કિંગ ખાનની હેલ્થ અપડેટ આપી હતી. તેણે કહ્યું હતું કે, ’ગઈ રાત્રે શાહરૂખની તબિયત સારી ન હતી, પરંતુ તેની સંભાળ રાખવામાં આવી રહી છે અને આજે સાંજે તે વધુ સારું અનુભવી રહ્યો છે. ભગવાનની કૃપા રહી તો,તે ટૂંક સમયમાં સાજા થઈ જશે અને સપ્તાહના અંતે જ્યારે અમે ફાઈનલ રમીશું ત્યારે સ્ટેન્ડમાં ટીમને ઉત્સાહિત કરશે.

ગરમીમાં લોકો હિટસ્ટ્રોકનો ભોગ બની રહ્યા છે

IPL મેચમાં શાહરૂખખાન સહિત ૫૪ લોકો બન્યા હિટ સ્ટ્રોકનો ભોગ

તમામ લોકોમાં મોટે ભાગે તાવ આવવો, ચક્કર આવવો અને માથાના દુઃખાવાની ફરિયાદ જોવા મળી

અમદાવાદ,તા.૨૩

અમદાવાદ શહેરમાં આગ ઝરતી ગરમીમાં લોકો હિટસ્ટ્રોકનો ભોગ બની રહ્યા છે. અત્યારે ગરમીની સાથે IPLની સિઝન પણ છે. શહેરમાં નરેન્દ્ર મોદી સ્ટેડીયમમાં છેલ્લી મેચમાં અનેક લોકો હિટસ્ટ્રોકનો ભોગ બન્યા.અમદાવાદમાં રમાયેલ IPLની છેલ્લી બે મેચમાં ૫૪ લોકો હિટસ્ટ્રોકનો ભોગ બન્યા. તમામ લોકોમાં મોટે ભાગે તાવ આવવો, ચક્કર આવવો અને માથાના દુઃખાવાની ફરિયાદ જોવા મળી. સૌથી વધુ અસર પાંચ લોકોને થઈ. તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યારે બાકીના લોકો ઘરે સારવાર કરાવી. બુધવારે અમદાવાદમાં રેડ એલર્ટ હતું પરંતુ ક્રિકેટના રસિયાઓ મેચ જોવા સ્ટેડિય પંહોચ્યા હતા. જેમાંથી કેટલાકને પેટમાં દુખાવો, ચક્કર આવવા અને ઝાડા ઉલટી થતા તબિયત લથડતા ઘરે પાછા ફર્યા.

અમરેલી જિલ્લાના હોમગાર્ડ યુનિટોમાં આતંકવાદ વિરોધી દિને હોમગાર્ડ જવાનોએ શપથ લીધા

અમરેલીજીલ્લાહોમગાર્ડ દળ દ્વારા તા. ૨૧/૫ ના રોજ અમરેલી હોમગાર્ડદળનાતમામ ૧૮યુનિટોખાતે હોમગાર્ડજવાનોદ્વારાપરેડગ્રાઉન્ડખાતે આતંકવાદ વિરોધી દિવસ નિમિતે આતંકવાદ વિરોધ ના શપથ લીધા હતા આતકે અમરેલી જીલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ રોહિત મહેતા, સેકન્ડ ઈન કમાન્ડન્ટ બળદેવસિંહ ગોહિલ, સ્ટાફ ઓફિસર જનસંપર્ક અમીતગીરી ગોસ્વામી સહિતના જીલ્લા હોમગાર્ડ કચેરીના અધિકારીઓ ઉપસ્થિત રહેલ અને અમરેલી જીલ્લાના અમરેલી, ચિતલ, બાબરા, લાઠી, લીલીયા, ચલાલા, ડુંગર, ધારી, બગસરા, ટીંબી, ખાંભા વગેરે જીલ્લાના ૧૧ તાલુકાઓના હોમગાર્ડ યુનિટ ખાતે આતંકવાદ વિરોધી દિવસ નિમિત્તેહોમગાર્ડનાઅધિકારીઓએશપથ લેવડાવીને રાષ્ટ્રહિતનું ઉમદા કાર્ય કરેલ સાંપ્રત સમયમાં આતંકવાદ એક વૈશ્વિક સમસ્યા બની ચૂકી હોય ત્યારે તમામે સહિયારાપ્રયત્નોકરીનેઆતંકવાદનેજળ મૂળમાંથીનાબૂદકરીનેરાષ્ટ્રહિતનુંકાર્યકરવું જોઈએ તેમાટે થઈને સરકાર ખૂબ જ સરાહનિયકાર્યકરીરહીછેત્યારેઅમરેલી જીલ્લામાં પણ નવનિયુક્ત જીલ્લા કમાન્ડન્ટ રોહિતભાઈ મહેતા દ્વારા સરાહનીય કામગીરી કરી રાજયકક્ષાએ અમરેલીજીલ્લાનીનામનાવધારીરહ્યા છેતેમઅમરેલીજીલ્લાહોમગાર્ડપબ્લીક રીલેશન ઓફિસર અમીતગીરી ગોસ્વામીનીયાદીજણાવેલ.

લાલ કલરનાં પાણીને લઈને આશ્ચર્ય

અમરેલીનાં ભરવાડવાસ, કોળીવાસમાં ભેળસેળયુક્ત પાણી આવતાં નારાજગી

ગંભીર પ્રકારનાં રોગચાળાનો ખતરો



અમરેલી, તા. ૨૩

અમરેલીનાં નદીકાંઠાનાં વિસ્તારમાં આવેલ ભરવાડ વાસ, કોળીવાસમાં પાલિકાની પાણીની પાઈપલાઈનમાંથી લાલ કલરનું દુર્ગંધ મારતું પાણી આવતાં સ્થાનિકોમાં નારાજગી ઉભી થઈ છે.

એક તરફ કાળઝાળ ગરમીમાં પાણીની માંગ વધી રહી છે. શહેરમાં પાલિકા ધ્વારા ૪ દિવસે પીવાનું પાણી વિતરણ થાય છે. તેવા સમયે તે પાણી શુધ્ધ હોવું અત્યંત જરૂરી છે. ત્યારે લાલ કલરનું પાણી નળમાંથી આવતાં સ્થાનિકોએ પાણીને લાલ કલરને લઈને અનેક શંકા–કુશંકા કરી રહ્યા હોય પાલિકાનાં અને આરોગ્ય વિભાગનાં શાસકોએ પાણીનું પરીક્ષણ કરાવીને જે કોઈ બેદરકારી હોય તેને દૂર કરવી જોઈએ તેવી માંગ સ્થાનિકો કરી રહ્યાં છે.

પાના ૮ ઉપરનું ચાલું

દરેડથી તાઈવદર સુધી

પકડી ગાડીમાંથી નીચે ઉતારી ગાળો આપી બાબરાની જમીન તમારા બાપની છે કે તમને મજા આવે ત્યાં થાંભલા ઉભા કરો છો તેમ કહી માથામાં એક પાઈપ મારી તારૂ પૂરૂ કરી દઈશ તેવી ધમકી આપી હતી. આ વખતે બીજા આરોપી સાથે બે અજાણ્યા ઈસમો સફેદ કલરની ગાડી લઈ લાકડી, ધોકા જેવા પ્રાણ ઘાતક હથિયારો લઈ આવી યુવકને માર મારવા દોડી બધા આરોપીએ લોખંડના પાઈપ, લાકડી, ધોકા જેવા પ્રાણ ઘાતક હથિયારો વડે માર મારી મુંઢ ઈજાઓ કરી અને યુવક સાથે રહેલ જીલાભાઈ ભવાનભાઈ રાતડીયાને આરોપીએ તેમની ફોર વ્હીલ ગાડીમાં જબરદસ્તી બેસાડી અપહરણ કરી આરોપીઓ તેમની વાડી ખેતરે લઈ ગયેલ હતા અને ત્યાં માર મારી તેમજ કંપનીનું ટ્રેક્ટર તથા તેની સાથે જોડેલ ટ્રોલી કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦ તથા યુવકની કંપનીની ફોર વ્હીલ ગાડી નં. જી.જે.–૧૨ ડી.એમ. ૯૦૯૧ કિંમત રૂપિયા ૫ લાખ તથા કારની પાછળની સીટમાં પડેલ કાળા કલરનો થેલો જેમાં ખેડુતના એગ્રીમેન્ટના ડોકયુમેન્ટ તથા રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૭,૫૦,૦૦૦ ની લૂંટ ચલાવી લઈ જઈ યુવકને પેટના ભાગે તથા ડાબી બાજુ ખંભાના ભાગે તથા સાહેદને ડાબી બાજુના હાથ ઉપર તથા વાસાના ભાગે મુંઢ ઈજા પહોંચાડયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શિંગ મઠડી	૯૦૦	૧૨૦૦
૨	શિંગ મોટી	૧૦૦૦	૧૨૨૫
૩	શિંગદાણા	૧૫૨૦	૧૬૫૦
૪	શીંગદાણા ફાડા	૧૫૦૦	૧૬૫૦
૫	તલ સફેદ	૧૮૦૦	૨૮૯૮
૬	તલ કાળા	૧૮૦૦	૩૩૬૬
૭	તલ કાશ્મીરી	૩૦૦૦	૩૧૩૦
૮	બાજરો	૩૪૦	૪૫૧
૯	જુવાર	૪૩૦	૯૦૮
૧૦	ઘંઉ ટુકડા	૪૫૪	૫૫૦
૧૧	ઘઉં લોકવન	૪૬૦	૫૯૩
૧૨	મકાઈ	૪૨૨	૪૨૨
૧૩	મગ	૧૦૬૦	૧૮૪૨
૧૪	ચણા	૧૦૦૦	૧૩૨૮
૧૫	ચણા દેશી	૧૨૮૦	૧૩૧૦
૧૬	ચોળી	૧૫૦૦	૧૫૦૦
૧૭	તુવેર	૧૩૦૦	૨૧૫૦
૧૮	કપાસ	૯૬૦	૧૫૧૯
૧૯	એરંડા	૧૦૦૦	૧૦૬૫
૨૦	જીરૂ	૨૫૦૦	૫૮૬૦
૨૧	રાયડો	૯૮૦	૧૦૧૦
૨૨	ધાણા	૧૦૦૦	૧૩૭૦
૨૩	ધાણી	૧૦૮૦	૧૭૧૫
૨૪	અજમા	૧૬૩૦	૨૯૫૦
૨૫	મેથી	૧૦૦૦	૧૨૮૬
૨૬	સોયાબીન	૭૨૫	૮૬૮
૨૮	મરચા લાંબા	૭૨૦	૧૨૨૦

ખંભાતના કલમસરમાં કેમિકલ માફિયા બેફામ

ખંભાત, તા. ૨૩

ખંભાતના કલમસરમાં કેમિકલ માફિયા બેફામ બન્યા હોય તેવું જણાઈ રહ્યું છે. ભૂગર્ભ જળ કેમિકલયુક્ત થતા ચકચાર મચી છે. જેમાં પંચાયતના નવીન બોરમાં કેમિકલયુક્ત પાણી આવતા લોકો ચોંકી ઉઠ્યા હતા. નવીન બોરમાં લાલ રંગનું કેમિકલયુક્ત પાણી આવતા ગ્રામજનોમાં રોષ વ્યાપી ગયો છે. કેમિકલયુક્ત પાણીને લઈને ગામના સરપંચે પ્રદુષમ નિયંત્રણ બોર્ડમાં ફરિયાદ પણ નોંધાવી છે. ફરિયાદને પગલે પ્રદુષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. બાદમાં અધિકારીઓએ પાણીના સેમ્પલ લીધા હતા. જે તપાસ માટે મોકલી આપવામાં આવ્યા હતા.

ભૂગર્ભ જ કેમિકલયુરક્ત થતા જય કેમિકલ, રોહન ડાયઝ નામની કંપનીઓ સામે સંરપંચ દ્વારા કાર્યવાહીની માંગણી કરવામાં આવી છે.

પાના ૧ ઉપરનું ચાલું

વૃક્ષારોપણ અને ઉછેર

વચ્ચે વાવેલા વૃક્ષો સુકાઈ જાય છે પરંતુ આસપાસ રહેતા નાગરિકો થોડા જાગૃત બની પાણીની વ્યવસ્થા કરશે તો પણ તે વૃક્ષો ફરીથી સજીવન થઈ જશે. જો હવે આપણે સમયસર જાગૃત નહીં થઈએ તો ‘ઓકિસજન’ માટે દોડાદોડી કરવી પડે તે સમય આવી શકે છે આવો આપણે સૌ સાથે મળી આવનારી પેઢી માટે ધરતીને ફરીથી લીલીછમ હરિયાળી બનાવીએ.

પાના ૮ ઉપરનું ચાલું

અમરેલીમાં નકલી બિયારણ

જથ્થો સ્થગિત કરી દીધો હતો. ત્યારે આજે સતત બીજા દિવસે સવારથી અમરેલીની જંતુનાશક દવા, ખાતર, બિયારણ વિક્રેતાઓને ત્યાં દરોડા પાડીને કૃષિ વિભાગ દ્વારા સરપ્રાઈઝ ચેકીંગ શરૂ કરતાં ફફડાટ ફેલાઈ ગયો હતો.

આજે બપોર સુધીમાં કૃષિ વિભાગ દ્વારા કપાસના બિયારણો જે શંકાસ્પદ લાગ્યા તેવા ૧ લાખ ૭૨ હજારના બિયારણો સ્થગિત કરી દીધા હતા. કુલ ૧ હજાર જેટલી અમરેલી જિલ્લામાં આવેલા ખાતર, બિયારણ, જંતુનાશક દવાના વિક્રેતાઓને ત્યાં ૧૧ તાલુકા મથકો પર સરપ્રાઈઝ ચેકીંગ કૃષિ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવ્યું હોવાની વિગતો પોરબંદર કૃષિ વિભાગના નાયબ નિયામક એચ.એ. ત્રિવેદીએ જણાવ્યું હતું.

બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ શંકર	૧૩૦૧	૧૫૧૯
૨	મગફળી	૧૧૨૬	૧૧૫૪
૩	ચણા	૧૧૫૬	૧૨૮૪
૪	જીરૂ	૪૧૧૦	૬૬૦૦
૫	ઘઉં	૪૮૦	૫૫૦
૬	તલ સફેદ	૨૪૪૦	૨૭૭૦
૭	જુવાર	૫૫૫	૭૯૫
૮	બાજરો	૪૧૬	૪૭૪

બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૧૦૦	૧૪૫૦
૨	ચણા	૧૨૫૮	૧૩૬૫
૩	ધાણા	૧૧૨૫	૧૧૯૦
૪	ઘઉં લોકવન	૪૪૨	૫૩૮
૫	ઘઉં ટુકડા	૪૭૮	૫૦૦
૬	એરંડી	૧૦૦૦	૧૦૫૦
૭	મેથી	૯૫૧	૧૦૨૫
૮	ચણા છોલે	૧૯૦૦	૧૯૦૫
૯	ચણા સફેદ	૧૧૫૦	૧૨૦૦
૧૦	તલ સફેદ	૧૬૪૫	૨૭૧૧
૧૧	મગફળી	૧૦૦૦	૧૧૦૦
૧૨	રાયડો	૮૫૦	૯૦૦
૧૩	સીંગફાડા	૧૪૯૦	૧૫૪૫
૧૪	સોયાબીન	૮૪૦	૮૬૦
૧૫	તુવેર	૨૦૦૦	૨૦૩૦
૧૬	મગ	૧૬૦૦	૧૬૨૫

પાના ૮ ઉપરનું ચાલું

દેશમાં ગૌરવ સમાન સિંહો

ત્રાહિમામ પોકારી ઊઠયા છે ત્યારે જંગલના રાજા વનરાજ પણ ગરમી સામે લાચાર થઈ ગયા હોય, તેમ નદીના પટ્ટમાં ખાડો ખોદી અને પીવાના પાણી શોધવાનો પ્રયત્ન કરતા હોવાનો અને ગરમી સામે રાહત મેળવવાનો પ્રયાસ કરતા હોવાનો દયનીય વિડીયો આવ્યો સામે આવ્યો છે.

આ ઘટનામાં મળતી વિગત મુજબ સાવરકુંડલા તાલુકાના ઘોબા ગામે આવેલ મેરામણ નદીમાં જંગલના રાજા ગણાતા સિંહ પણ આ કાળઝાળ ઉનાળાની ગરમીથી રાહત મેળવવા માટે પીવાના પાણી માટે રજળપાટ કરતાં હોય, પરંતુ આ મેરામણ નદીમાં પીવાનું નહીં મળતાં આખરે થાકીને આ સિંહ પાણી માટે નદીના પટ્ટમાં ખાડો ખોદીને પાણી કાઢવાનો પ્રયત્ન કરતો દયનીય વિડીયો આવ્યો સામે આવ્યો છે.

આ કાળઝાળ ઉનાળાની ગરમીમાં વનરાજને પીવાનું પાણી નહીં મળતાં સિંહે હતાશ થઈ અને તેમને નદીના પટમાં પીવાના પાણી માટે ખોદેલા ખાડામાં બેસી અને ઠંડક મેળવવાનો પ્રયાસ કર્યો હતો. બાદમાં આ ઘોબા રાજવી દિલુંભાઈ ખુમાણની વાડીમાં સિંહના પીવાના પાણી માટે પહોંચ્યા હતા.

ત્યારે વનવિભાગના શેત્રુંજી ડિવિઝન તળેના ઘોબા પંથકમાં સિંહોનું સામ્રાજય હોવા છતાં વનતંત્રની સિંહો માટે પાણીની કોઈ પણ જાતની વ્યવસ્થાઓ ઉભી નહીં કરતાં અને કાળઝાળ ઉનાળાની ગરમીમાં પણ પાણી માટે રજળતા સિંહોની દયનીય સ્થિતિ જોઈ સિંહો પ્રત્યે માનવતાનો સિંહપ્રેમીઓ દ્વારા પોકાર ઉઠયો છે. ત્યારે આવી લાચાર પરિસ્થિતમાં સિંહનો પાણી માટે વલખા મારતો વિડીયો સોશીયલ મીડિયામાં વાયરલ ભારે થવા પામેલ છે.

અવસાન નોંધ

દેવળીયા (દેવભૂમિ) : દેવળીયા (દેવભુમિ, તા. અમરેલીના રહીશ હાલ અમરેલી રહેતા કિશોરભાઈ ગોરધનદાસ ખીરૈયાના ધર્મપત્ની હર્ષાબહેન કિશોરભાઈ ખીરૈયા, (ઉ.વર્ષ. ૬૬) તે અલ્કેશ, જતીન અને રોહીતના માતૃશ્રી તેમજ યશ, સની, કુહુના દાદા તેમજ રમેશચંદ્ર મગનલાલ વિઠ્ઠલાણી રાજકોટ (દ્રોણવાળ) અને દિલીપભાઈ મગનલાલ વિઠ્ઠલાણીના મોટા બહેનનું અવસાન તા. ૨૩/૫/૨૪ના થયેલ છે. સદગતનું ઉઠમણું અને પિયર પક્ષની સાદડી તા. ૨૫/૫/૨૪ સાંજનાં ૪ થી ૬ લોહાણા મહાજનવાડી, લાઠી રોડ અમરેલી ખાતે રાખેલ છે.

ઢસા જંકશન : ઢસા જંકશન નિવાસી સ્વ. ગંગાબેન રામજીભાઈ ખેરનું તા. ૨૨/૫/૨૪ના રોજ રામચરણ પામેલ છે. સ્વ. કેશુભાઈ રામજીભાઈ ખેર, મનજીભાઈ ખેર, પરષોતમભાઈ ખેરના માતૃશ્રી થાય છે. લક્ષ્મણભાઈ, ભરતભાઈ ખેર, રઘુભાઈ ખેર, શૈલેષભાઈ ખેર, જીતેન્દ્રભાઈ ખેર, પરેશભાઈ ખેર, ના મોટા બા થાય છે. મયુરસિંહ નિકુલસિંહ, રવિરાજસિંહ (સમાજ સુરક્ષા અધિકારી–અમરેલી) વિમલસિંહ, અનિરૂધ્ધસિંહ, નિરજસિંહ, પ્રતિકસિંહ, મૌલિકસિંહ, "ખેર પરિવારના દાદીમા" નું બેસણું તા. ૨૪/૫/૨૪ ને શુકવારના રોજ નાડોદા રાજપૂત સમાજની વાડી, કટારીયા નગર, મું. ઢડા જંકશન ખાતે રાખેલ છે.

ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૧૬૧	૧૪૫૮
૨	મગ	૧૭૦૮	૧૭૦૮
૩	ચણા	૧૨૦૦	૧૨૭૫
૪	તલ સફેદ	૨૫૩૦	૨૭૨૫
૫	મગફળી	૯૭૬	૧૨૬૦
૬	ઘઉં	૪૭૫	૪૭૫
૭	બાજરો	૪૪૧	૪૫૦
૮	ધાણા	૧૨૯૬	૧૩૦૦
૯	જીરૂ	૫૯૫૦	૫૯૫૦

રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ	૮૨૧	૧૧૭૭
૨	તલ સફેદ	૨૪૦૦	૨૮૧૩
૩	તલ કાળા	૨૯૦૦	૩૫૦૦
૪	કપાસ	૧૧૧૦	૧૪૬૫
૫	બાજરો	૪૨૦	૫૦૯
૬	ઘઉં ટુકડા	૪૦૬	૫૩૦
૭	મગ	૧૫૦૦	૧૭૩૧
૮	મેથી	૧૧૨૦	૧૨૦૦
૯	તુવેર	૧૮૯૦	૨૨૦૦
૧૦	ચણા	૭૦૦	૧૩૧૫
૧૧	શીંગદાણા	૧૪૦૦	૧૭૦૦
૧૨	ધાણા	૮૦૦	૮૦૦

સંકુલ – હોશીયાર મિડીયમ નબળા – દરેકને પ્રવેશ
KG થી PG સુધીનું નિવાસી ગર્લ્સ કેમ્પસ – Since 1997
★ લોઅર ને મિડીયમ – મિડીયમ ને અપર – અપર ને ટોપર લેવલે પહોંચાડવાની ખાસ "લેવલ અપ" વ્યવસ્થા – ટકાવારી પ્રમાણે સમયાંતરે વર્ગ પુનઃ ગઠન
★ ધો. ૧૦–૧૨ બોર્ડમાં બહોળી સંખ્યામાં A1-A2 ગ્રેડ મેળવતી સંકુલ ગર્લ્સ
★ યુનિવર્સિટી ટોપટેનમાં વધુ સ્થાન મેળવતી સંકુલ ગર્લ્સ & સંકુલ કોલેજ
★ ડેઈલી ટેસ્ટ – રીપીટેડલી ટેસ્ટ – ત્રિ છ ન પરિક્ષા & રીડીંગ રાઈટીંગ વ્યવસ્થા
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત (અમરેલી)
સ્થળ :– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ (લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad 035

YAMAHA RACING
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
FZS-FI
lord of the streets
NOW WITH CONNECT
Side Stand Engine cut-off Switch
Light Weight
135kg
3D Emblem
Durable 149cc fuel injection Engine
Two-level Single Piece Seat
» - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

અમરેલીની એકમાત્ર સ્પેશ્યલ કોમર્સ સ્કૂલ
એકલવ્ય કોમર્સ
ધોરણ ૧૧–૧૨ કોમર્સ (ગુજરાતી માધ્યમ)
100% કોમર્સ
ધોરણ–12 કોમર્સ (વર્ષ–2024) સામાન્ય પ્રવાહનું અસામાન્ય પરિણામ
કુલ વિદ્યાર્થી :– 66
પાસ થયેલ વિદ્યાર્થીઓ :–57
સંસ્થાનું પરિણામ :– 86.36%
A1 ગ્રેડ 50% ફી માફી
95PRUP:-07 વિદ્યાર્થી
90PRUP:-10 વિદ્યાર્થી
75PRUP:-21 વિદ્યાર્થી
A2 ગ્રેડ :–10
B1 ગ્રેડ :–16
B2 ગ્રેડ :–13
ધો.૧૦ P.R. આધારીત સ્કોલરશીપ
ધો.૧૦ P.R. – ફી માફી
95 થી ઉપર P.R. – 25%
90 થી 95 P.R.સુધી – 20%
85 થી 90 P.R.સુધી – 15%
65 થી 85 P.R.સુધી – 10%
50 થી 65 P.R.સુધી – 05%
ગર્લ્સ અને બોયઝ બન્ને માટે અલગ અલગ હોસ્ટેલની સુવિધા..
બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ.
સ્પર્ધાત્મક પરીક્ષાનાં માર્ગદર્શન માટે વિકલી લેક્ચર..
વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પાઠયપુસ્તક તેમજ મટીરીયલ સ્કૂલ દ્વારા આપવામાં આવશે.
અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ–૧૧ કોમર્સથી CA Foundation ની તૈયારી કરાવતી સંસ્થા..
એડમિશન મેળવવા માટે તુરંત જ સંપર્ક કરો...
નિકુંજ ગઢવાલા મો.૯૧૦૯૯ ૩૪૪૨૯
ભરત સાવલીયા મો.૯૯૭૯૪ ૪૯૬૪૯
લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ નારાયણ નગર, અમરેલી

ધારી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૪૨૫	૧૪૨૮
૨	મગફળી	૯૦૫	૧૦૯૯
૩	ઘઉં	૩૬૦	૫૨૬
૪	ચણા	૧૨૦૦	૧૨૦૦
૫	મગ	૧૧૨૬	૧૭૦૦
૬	છોલે ચણા	૧૭૦૦	૧૭૦૦
૭	અડદ	૧૬૦૦	૧૬૦૦
૮	સફેદ તલ	૨૫૮૦	૨૬૮૧
૯	રાઈ	૧૨૦૫	૧૨૦૫
૧૦	શીંગ ફાડા	૧૩૫૫	૧૩૫૫
૧૧	વાલ	૨૦૨૫	૨૦૨૫
૧૨	કાળા તલ	૨૯૬૮	૨૯૬૮
૧૩	એરંડા	૧૦૨૫	૧૦૨૫

ગોંડલની છઠ્ઠા દિવસની રામકથામાં રાજવી પરિવારની વ્યાસપીઠ વંદના

દેશનો દરેક નાગરિક એક વૃક્ષ વાવે તો ૧૦૦ કરોડ ઉગશે : મોરારિબાપુ

બુદ્ધપુર્ણિમાએ મોરારિબાપુએ જણાવ્યું કે ભગવાન બુદ્ધ અને મહારાજા ભગવતસિંહને વૃક્ષો ખુબ વ્હાલા હતા

રાજકોટની સદભાવનાં વૃદ્ધાશ્રમ નાની સંસ્થાનાં વૃક્ષારોપણનાં ઉમદા કાર્યોને પણ યાદ કર્યા

રામકથામાં શિવવિવાહ અને રામ જન્મોત્સવ કથાને આગળ વધારી હતી

રામકથામાં સંતો-મહંતો અને મોટી સંખ્યામાં ભકતોજનો ઉપસ્થિત રહી લાભ લે છે



ગોંડલ, તા.૨૩

(તખુભાઈ સાંડસુર દ્વારા)

ગોંડલના લોહ લંગરીધામ આશ્રમના પ્રાંગણમાં ગવાઈ રહેલી ' માનસ રામકથા'ના છઠ્ઠા દિવસના પ્રારંભે ગોંડલનારાજવી નામદાર હિમાંશુસિંહજી વિદેશના પ્રવાસે હોય તેમના પ્રતિનિધિરૂપ રૂપે પધારેલા રાજેન્દ્રસિંહજીએ વ્યાસપીઠની વંદના કરીને રાજવી પરિવારનો રાજીપો વ્યક્ત કર્યો હતો.

પુ.મોરારિબાપુએ છઠ્ઠા દિવસની કથામાં પ્રવેશ કરતાં કહ્યું કે આજે બુદ્ધપૂર્ણિમા છે. ભગવાન બુદ્ધ અને મહારાજા ભગવતસિંહજીને વૃક્ષો ખૂબ વહાલાં હતા. તેમના વૃક્ષપ્રેમને અનુમોદન આપવા માટે અને સમગ્ર જગતની સુખાકારી માટે ભારતની વસ્તીના કુલ ૧૦૦ કરોડ લોકો જો એક એક વૃક્ષ વાવે તો આપણે સમગ્ર પૃથ્વીને વધુ હરિયાળી બનાવી શકીએ. બાપુએ વ્યાસપીઠ પરથી પુ.સીતારામ બાપુ સમેત સૌને તે માટે વિશેષ વિનંતી કરી. તમામ કથાફલાવર્સને પણ વૃક્ષપ્રેમ માટે એક એક વૃક્ષ વાવવા અનુરોધ કર્યો. આ જ સંદર્ભમા બાપુએ કહ્યું કે સદભાવના નામની રાજકોટની સંસ્થા વૃદ્ધોની સેવા અને વૃક્ષોની ખૂબ સારી સેવા કરી રહી છે. તેના માટે એક કથા પણ મેં આપેલી છે. તેમની પ્રવૃત્તિને આપણે બિરદાવીએ છીએ.

રામકથાના ક્રમમાં બાપુએ શિવ વિવાહની કથા અને પછી રામ જન્મોત્સવની કથાને આગળ વધારી હતી. રામનું મહત્વ અને શિવનું સતિ સાથેનું સ્નેહમિલન રસપૂર્ણ રીતે પ્રસ્તુત થયું હતું.

કથાના પ્રારંભે સંચાલક નીતિનભાઈ વડગામાએ રામકથાના પ્રસંગોને સાહિત્યની સાથે સરસ જોડયાં હતાં. આજની કથામાં જગજીવનદાસજી મહારાજ –જુનાગઢ તથા અન્ય સંતો પણ ઉપસ્થિત હતાં. આખી કથા ખૂબ ટુંકા સમયમાં આયોજિત કરાવવા બદલ જલિયાણધામ તથા ભરતભાઈનો વિશેષ ઉલ્લેખ કરી આભાર માન્યો હતો.

બગસરા જેતપુર રોડ પર સોડા ભરેલ મીની ટેમ્પોએ ગોથું ખાધું

બગસરા, તા.૨૩

બગસરા જેતપુર રોડ પાણીનાં ટાંકા પાસે સ્વાન આડુ પડતા મીનીટેમ્પો કેરી સાદી સોડા ભરેલ ટેમ્પો કાબુ ગુમાવતા પલટી મારી ડ્રાઈવરનો ચમત્કારી બચાવો થયો હતો.

દીકરીઓએ દરેક ક્ષેત્રમાં નવા કીર્તિમાન સ્થાપ્યા છે : રાજ્યપાલ

'પુષ્પા' પછી હવે 'શ્રીવલ્લી'નું જોવા મળશે ટશન : પુષ્પા ૨નું બીજું ગીત

મુંબઈ, તા.૨૩

મૈત્રી મૂવી મેકર્સે અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાના સ્ટારર બહુપ્રતિક્ષિત ફિલ્મ 'પુષ્પા ૨ઃ ધ રૂલ'ના બીજા ગીતના રિલીઝ પહેલા જ એક મોટું અપડેટ આપ્યું છે. ફિલ્મનું નવું ગીત જે સતત હેડલાઈન્સ બનાવી રહ્યું છે તે આવતીકાલે એટલે કે ગુરુવારે રિલીઝ થશે. ફિલ્મનું પહેલું ગીત 'પુષ્પા પુષ્પા' રિલીઝ થયા બાદથી જ ટ્રેન્ડ કરી રહ્યું છે અને હવે ફિલ્મનું વધુ એક નવું ગીત આવવાનું છે. જ્યારે પહેલા ગીતમાં અલ્લુ અર્જુનનો સ્વેગ જોવા મળ્યો હતો, બીજા ગીતમાં રશ્મિકા મંદાનાની જ્વલંત સ્ટાઈલ જોવા મળશે, જેમાં તે પોતાના ત્રાંસી દેખાવ અને શાર્પ રીતભાતથી લોકોના દિલ જીતી લેશે. નિર્માતાઓએ બીજા ગીતનું ટીઝર પોસ્ટર રિલીઝ કર્યું છે. પોસ્ટર જણાવે છે કે તે 'સામી સામી' જેવો બીજો આકર્ષક ટ્રેક બનવા જઈ રહ્યો છે. રશ્મિકા મંદન્ના પણ તેમાં શ્રીવલ્લીની ભૂમિકામાં જોવા મળશે. સોશિયલ મીડિયા પર આ વિશે પોસ્ટ કરતી વખતે, નિર્માતાઓએ કેપ્શન લખ્યું છે, 'પુષ્પા પુષ્પા સાથે પુષ્પા રાજના ટેકઓવર પછી, હવે સમય આવી ગયો છે કે આપણે બધાને કપલ શ્રીવલ્લી અને તેના સામી માટે ક્રેઝી બનાવીએ. પુષ્પાનું બીજું ગીત આવતીકાલે સવારે ૧૧:૦૭ વાગ્યે રિલીઝ થશે. આ ફિલ્મ ૧૫ ઓગસ્ટે ભવ્ય રીતે રિલીઝ થવાની છે. ફિલ્મની વાત કરીએ તો 'પુષ્પા ૨ઃ ધ રૂલ'નું ટીઝર રિલીઝ કરવામાં આવ્યું હતું અને થોડા દિવસો બાદ ફિલ્મનું પહેલું ગીત રિલીઝ કરવામાં આવ્યું હતું. આ ગીતે ધૂમ મચાવી છે અને હવે લોકો બીજા ગીતની રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મ અન્ય કોમર્શિયલ પોટબોઈલર તરીકે સમાપ્ત થશે. ટીઝર રિલીઝ થયા બાદથી જ ચાહકો અને દર્શકોમાં ફિલ્મના દરેક અપડેટને લઈને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. 'પુષ્પા ૨ ધ રૂલ' ૧૫ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. સુકુમાર દ્વારા દિગ્દર્શિત અને માયથરી મૂવી મેકર્સ દ્વારા નિર્મિત, આ ફિલ્મમાં અલ્લુ અર્જુન, રશ્મિકા મંદન્ના અને ફહદ ફાસિલ મુખ્ય ભૂમિકામાં છે.

અડગ મનનાં માનવીને હિમાલય પણ નડતો નથી

અમરેલીનાં મોટા આંકડીયા ગામનાં ધો. ૧૨ નાપાસ વિદ્યાર્થી મહેનતનાં આધારે પી.એચડી. બની ગયા

પડવાથી ક્યારેય પતન થતું નથી, પડયા રહેવાથી પતન થાય છે

સાવરકુંડલા, તા.૨૩

અમરેલીની બાજુમાં મોટા આંકડિયા નામનું એક ગામ છે. આ ગામમાં રહેતા કનુભાઈ સેંજાણીએ દીકરા હાર્દિકને ભણાવવા માટે વ્યાજે પૈસા લીધા અને હાર્દિકને ભણવા માટે રાજકોટ એક સ્વનિર્ભર શાળામાં બેસાડયો. ધોરણ ૧૨ સાયન્સનું પરિણામ આવ્યું જેમાં હાર્દિકને ભૌતિક વિજ્ઞાનમાં માત્ર ૧૭ માર્કર્સ જ આવ્યા અને નાપાસ થયો. બાકીના વિષયોમાં પણ બહુ ઓછા માર્કર્સ હતા. વ્યાજે પૈસા લઈને ભણાવ્યા પછી આવું પરિણામ આવે એટલે કોઈપણ પિતાને ગુસ્સો આવે એ સ્વાભાવિક છે પરંતુ કનુભાઈએ નાપાસ થયેલા દિકરા હાર્દિકને એનુ મનોબળ તૂટે એવો એકપણ શબ્દ ન કહ્યો. માત્ર એટલું જ કહ્યું કે 'બેટા, ચિંતા કરવાની જરૂર નથી, મહિના પછી પાછી પરીક્ષા આવશે તું એક જ વિષયમાં નાપાસ છો એટલે એ પરીક્ષા પાસ કરીને આગળના અભ્યાસમાં લાગી જજે.

હાર્દિકે એક વિષયની પરીક્ષા પાસ કરી લીધી અને કેમેસ્ટ્રી વિષય સાથે બી.એસ.સી. શરૂ કર્યું. બી.એસ.સી.નો અભ્યાસ અંગ્રેજીમાં હોવાથી બહુ સમજ પડતી નહોતી એટલે પ્રથમ સત્રમાં ૪માંથી મુખ્ય ૩ વિષયમાં નાપાસ થયો. બીજા સત્રમાં પણ ૩ વિષયમાં નાપાસ અને ત્રીજા સત્રમાં પણ ત્રણ વિષયમાં નાપાસ. દીકરાનું આ પરિણામ જોઈને પિતા કનુભાઈએ એક દિવસ હાર્દિકને પોતાની પાસે બેસાડયો અને જો ભણવામાં મન ન લાગતું હોય તો ખેતી સંભાળી લેવાનું કહ્યું. હાર્દિકે ફૂલ ટાઈમ ખેતર જવાનું ચાલુ કર્યું. થોડા દિવસમાં જ એને સમજાઈ ગયું કે આ કાળી મજૂરી કરવા કરતા ભણવું વધુ સારૂં છે.

પિતાએ કરાવેલા આ અનોખા અનુભવની હાર્દિક પર એવી અસર થઈ કે ચોટલી વાળીને ભણવામાં લાગી ગયો અને ચોથા સેમેસ્ટરમાં તમામ વિષયમાં પાસ થયો એ ઉપરાંત આગળના વર્ષોમાં જે વિષયોમાં નાપાસ થયો હતો એ વિષયોમાં પણ પાસ થઈ ગયો. પાંચમાં સેમેસ્ટરમાં આવ્યો ત્યારે પ.પૂ.પ્રમુખસ્વામી મહારાજની સંસ્થા દ્વારા પ્રકાશિત થતા 'સ્વામીનારાયણ પ્રકાશ' નામના માસિકમાં 'આદર્શ વિદ્યાર્થી કેમ બની શકાય?' એ વિષય પરનો લેખ વાંચ્યો. જેનાથી હાર્દિકને વિશેષ પ્રેરણા મળી અને વધુ મહેનત કરવાનું બળ મળ્યું. પાંચમાં સેમેસ્ટરમાં કેમેસ્ટ્રી વિષયમાં એ એની કોલેજમાં બીજા નંબર પર આવ્યો જેનાથી આત્મવિસ પણ વધ્યો. કોલેજના છેલ્લા વર્ષમાં તો એવી કમાલ કરી કે ડીસસ્ટીંગશન સાથે કેમેસ્ટ્રી વિષયમાં પ્રથમ સ્થાન પર આવ્યો.

એમ.એસ.સી. કરવા માટે ચાર જગ્યાએ અરજી કરી અને તમામ જગ્યાએ એડમિશન મળી ગયું. વિદ્યાનગરમાંથી એમ.એસ.સી. પણ ડીસસ્ટીંગશન સાથે પૂરૂં કર્યું. કેમ્પસ ઈન્ટરવ્યુંમાં નોકરી મળી ગઈ પરંતુ આગળ અભ્યાસ કરવાની ઈચ્છા હતી એટલે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પી.એચ.ડી. કરવા માટેની પ્રવેશ પરીક્ષા પાસ કરીને પી.એચ.ડી.નો અભ્યાસ શરૂ કર્યો. પી.એચ.ડી.નાં અભ્યાસ દરમ્યાન જ સરકારી કંપની ઓ.એન.જી.સી.માં સારા પગારની નોકરી મળી ગઈ. નોકરીની સાથે અભ્યાસ ચાલુ રાખ્યો અને હમણા થોડા સમય પહેલા પી.એચ.ડી. પણ પૂર્ણ કર્યું ૧૨માં ધોરણમાં નાપાસ થયેલો હાર્દિક પિતાના પ્રોત્સાહન અને પોતાની મહેનતના બળે આજે ડો. હાર્દિક સેંજાણી બની ગયો છે.

મિત્રો, નાપાસ થઈએ કે નબળું પરિણામ આવે એટલે બધું પૂરૂં નથી થઈ જતું. હાર્દિક જેવા અસંખ્ય વિદ્યાર્થીઓએ સાબિત કર્યું છે કે તમને તમારી જાત પર વિસ હોય તો પ્રચંડ પુરૂષાર્થ દ્વારા તમે સફળતાના શિખરો સર કરી શકો છો. વાલીઓ અને વિદ્યાર્થીઓ એક વાતખાસ સમજે કે, 'પડવાથી કયારેય પતન નથી થતું, પડયા રહેવાથી પતન થાય છે...'

માહીતી સ્ત્રોત : શૈલેષ સગપરિયા

પ્રોબેશનરી આઈએએસ અધિકારીઓએ રાજ્યપાલ સાથે સૌજન્ય મુલાકાત કરી

ગાંધીનગર, તા.૨૩

ગુજરાત કેડરના વર્ષ ૨૦૨૩ ની બેચના પ્રોબેશનરી આઈ.એ.એસ. અધિકારીઓએ આજે રાજભવનમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સાથે સૌજન્ય મુલાકાત કરી હતી. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે તેમને અભિનંદન અને શુભકામનાઓ પાઠવતાં કહ્યું કે, પ્રતિભા, કૌશલ્ય અને સખત પરિશ્રમથી, માતા-પિતા અને ગુરુજનોના આશીર્વાદથી આપ આઈ.એ.એસ. તરીકે સર્વોચ્ચ પ્રશાસનિક પદ પામ્યા છો ત્યારે સેવાકાળ દરમિયાન એવા કર્મો કરજો કે દુ:ખિયારા લોકોના આંસુ લૂછી શકાય, કોઈ જરૂરિયાતમંદના ઘરને ઉજ્જવળ કરી શકાય, યુવા પેઢીને તેના પરિવાર, સમાજ અને રાષ્ટ્ર માટે તૈયાર કરી શકાય. જે સત્કર્મો કરે છે તેને જ ઈતિહાસ યાદ રાખે છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું કે, આપ ભાગ્યશાળી છો કે સેવા માટે આપને ગુજરાત જેવું રાજ્ય મળ્યું છે, જે હર ક્ષેત્રમાં અગ્રેસર છે. ગુજરાતના લોકો પરિશ્રમી, પ્રગતિશીલ અને સહયોગી છે. ગુજરાતીઓમાં પોતાના પ્રદેશને આગળ વધારવાની ભાવના રહેલી છે. આઠ નવા પ્રોબેશનરી આઈ.એ.એસ. અધિકારીઓમાં સાત મહિલાઓ છે. દીકરીઓની પ્રગતિ માટે પ્રસન્નતા વ્યક્ત કરતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું કે, પ્રાચીનકાળમાં મૈત્રેયી, ગાર્ગી, લોપામુદ્રા, રત્નાવલી, વિશ્વઆરા જેવી વિદુષી મહિલાઓ થઈ ગઈ, જેમણે ભારતના ગરિમા અને ગૌરવમાં વૃદ્ધિ કરી છે. ભારતીય સંસ્કૃતિમાં વિદ્યા માટે સરસ્વતી દેવી છે, વીરતા માટે દુર્ગા અને પાલનપોષણ માટે જગતજનની જગદંબા છે. ઈશ્વર પછી માતૃશક્તિને જ ભગવાનનો દરજ્જો મળ્યો છે. વર્તમાનમાં પણ દીકરીઓએ દરેક ક્ષેત્રમાં નવા કીર્તિમાન સ્થાપ્યા છે. આઈ.એ.એસ.ની કઠિન પરીક્ષા પાસ કરીને નવી જવાબદારી સંભાળવા જઈ રહેલી દીકરીઓને અભિનંદન આપતાં તેમણે કહ્યું કે, ભારતના ગામડાઓમાં વિકાસની ક્ષમતા છે, તેમને વિકાસનો અવસર આપજો. શિક્ષણનો વ્યાપ વધે તે માટે પ્રયત્ન કરજો. તમે તમારા જિલ્લા માટે આદર્શ બનો અને માતા-પિતા તથા રાષ્ટ્રનું ગૌરવ વધારીને નવા કીર્તિમાન સ્થાપો એ જ શુભકામના. ગુજરાતને ફાળવાયેલા આ પ્રોબેશનરી આઈ.એ.એસ. અધિકારીઓએ સરદાર પટેલ ઈન્સ્ટિટયૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન-સ્પીપામાંથી ઈન્સ્ટિટ્યૂશનલ તાલીમ પૂર્ણ કરી છે.

APM TERMINALS
Lifting Global Trade

ગુજરાત પીપાવાવ પોર્ટ લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસ: પીપાવાવ પોર્ટ, મુકામ પોસ્ટ રામપરા-૨, તાલુકો રાજુલા, જિલ્લો-અમરેલી, ગુજરાત - ૩૬૫ ૫૬૦. સીઆઈએન: L63010GJ1992PLC018106,
ટેલીફોન: ૦૨૭૯૪ ૨૪૨૪૦૦, ફેક્સ: ૦૨૭૯૪ ૨૪૨૪૧૩, વેબસાઈટ: www.pipavav.com, ઈમેઈલ: investorrelationinppv@apmterminals.com

૩૧ માર્ચ, ૨૦૨૪ના રોજ પૂર્ણ થયેલાં ત્રિમાસિકગાળા અને નાણાકીય વર્ષ માટે સ્વતંત્ર ધોરણે અને એકીકૃત નાણાકીય પરિણામો

(રકમ રૂ. મિલિયનમાં)

વિગત	સ્વતંત્ર ધોરણે					એકીકૃત	
	પૂર્ણ થયેલા ૩ મહિના માટે	અગાઉના ૩ મહિનાના અંતે	અગાઉના વર્ષના સમાન ૩ મહિનાના અંતે	પૂર્ણ થયેલા વર્ષ માટે	પૂર્ણ થયેલા વર્ષ માટે	પૂર્ણ થયેલા વર્ષ માટે	પૂર્ણ થયેલા વર્ષ માટે
	૩૧.૦૩.૨૦૨૪	૩૧.૧૨.૨૦૨૩	૩૧.૦૩.૨૦૨૩	૩૧.૦૩.૨૦૨૪	૩૧.૦૩.૨૦૨૩	૩૧.૦૩.૨૦૨૪	૩૧.૦૩.૨૦૨૩
	(અનઓડિટેડ)	(અનઓડિટેડ)	(અનઓડિટેડ)	(ઓડિટેડ)	(ઓડિટેડ)	(ઓડિટેડ)	(ઓડિટેડ)
કામગીરીમાંથી કુલ આવક (ચોખ્ખી)	2,512.75	2,696.30	2,347.28	9,884.29	9,169.50	9,884.29	9,169.50
કરવેરાની ચુકવણી પછી સાધારણ ખર્ચમાંથી ચોખ્ખો નફો/(નુકસાન) (અપવાદરૂપ ખર્ચને બાદ કરતાં)	694.76	1,102.76	848.66	3,527.96	2,924.50	3,409.83	3,138.15
પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડી (શેરદીઠ રૂ. ૧૦ ફેસ વેલ્યુ)	4,834.40	4,834.40	4,834.40	4,834.40	4,834.40	4,834.40	4,834.40
અગાઉના એકાઉન્ટિંગ વર્ષની બેલેન્સ શીટ મુજબ અન્ય ઈક્વિટી	-	-	-	16,092.63	15,948.75	18,298.82	18,273.07
શેરદીઠ આવક (અસાધારણ ખર્ચ અગાઉ અને પછી) (શેરદીઠ રૂ. ૧૦/-) (એન્યુઅલાઈઝ નહીં)							
બેસિક:	1.45	2.28	1.74	7.32	6.04	7.07	6.48
ડાઈલ્યુટેડ:	1.45	2.28	1.74	7.32	6.04	7.07	6.48

નોંધ: ઉપરોક્ત વિગત સેબી (લિસ્ટિંગ જવાબદારીઓ અને જાહેર કરવાની જરૂરિયાતો) નિયમન, ૨૦૧૫ના નિયમન ૩૩ અંતર્ગત સ્ટોક એક્સચેન્જમાં ફાઈલ કરવામાં આવેલાં ત્રિમાસિકગાળા/નાણાકીય વર્ષના અંતના નાણાકીય પરિણામોનો સાર છે. ત્રિમાસિકગાળા/નાણાકીય વર્ષને અંતના નાણાકીય પરિણામોનું સંપૂર્ણ ફોર્મેટ સ્ટોક એક્સચેન્જીસની વેબસાઈટ (www.bseindia.com અને www.nseindia.com) અને કંપનીની વેબસાઈટ www.pipavav.com ઉપર ઉપલબ્ધ છે.

ગુજરાત પીપાવાવ પોર્ટ લિમિટેડ માટે

ગિરીશ અગ્રવાલ
મેનેજિંગ ડાયરેક્ટર
ડીઆઈએન: ૦૭૯૭૪૮૩૮

સ્થાન: મુંબઈ
તારીખ: ૨૨ મે, ૨૦૨૪

હવે.. બદલાશે **સારવારની** પરીભાષા
અમરેલીમાં એકમાત્ર રેગ્યુલર યુરોલોજીસ્ટ ધરાવતી હોસ્પિટલ
સાંધા બદલવાના ઓપરેશન તદન મફત કરી આપવામાં આવે છે
ડૉ. અંકિત ગાબાણી (M.B.B.S., D.ORTHO)
તમામ પ્રકારના ફ્રેકચર, સ્નાયુ,હાડકા,સાંધા,મણકાના દુઃખાવા,ગોઠણ બદલવાના ઓપરેશન(TKR) થાપાનો ગોળો બદલવાના ઓપરેશન(THR) તાણીયાંના ઓપરેશન (આર્થોસ્કોપી)
ડૉ. નીત ચોટાઈ MBBS, M.S., DrNB (Urology)
કિડનીના રોગો, પથરીના ઓપરેશન, પ્રોસ્ટેટના ઓપરેશન અને સારવાર સુન્નતના ઓપરેશન, પુરૂષોમાં વંધ્યત્વ અને સેકસ સંબંધીત સમસ્યાઓનું નિરાકરણ
લેબોરેટરી, ડીઝીટલ એક્સ-રે, મેડિકલ સુવિધા રાહતદરે ઉપલબ્ધ.
આયુષ્માન ભારત યોજના દ્વારા મફત સારવાર ઉપલબ્ધ.
વાહન અકસ્માતમાં મફત સારવાર અને ઓપરેશન (પ્રથમ ૪૮ કલાકમાં)
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦
NETRA CHIKITSA TRUST
24/7 Emergency Services

નકલી બિરાયણ, જંતુનાશક દવાથી ખેડૂતોને છુટકારો અપાવવા માટે

અમરેલીમાં નકલી બિયારણ ઝડપવા ખેતીવાડી વિભાગનું ચેકીંગ

છેલ્લા ૨ દિવસથી જિલ્લામાં જુદા-જુદા શહેરોમાં ખેતીવાડી અધિકારી દ્વારા તપાસ શરૂ કરાઈ

ઘણા વર્ષોથી બનાવટી બિયારણનાં દુષણથી ખેડૂતોની હાલત દયનીય બની છે

રૂપિયા ૭.૫ લાખની કિંમતનું ૩૬૪ કિલો બિયારણને સ્થગિત કરાયું

ખેડૂતોએ પાકા બિલ સાથે ખ્યાતનામ કંપનીનાં બિયારણ ખરીદવા અનુરોધ

અમરેલી, તા. ૨૩

ખેડૂતોના હિતાર્થે નકલી બિયારણ મુદ્દે સરકારની ઝુંબેશ રંગ લાવી છે. ત્યારે અમરેલી જિલ્લા ખાતે કૃષિ વિભાગ દ્વારા અમરેલીમાં આકસ્મિક ચેકીંગ હાથ ધરી છેલ્લા બે દિવસમાં બે લાખના ઉપરાંતના કપાસનું બિયારણ સ્થગિત કરીને ખેતીવાડી વિભાગે ચેકીંગ હાથ ધરતા ખાતર, બિયારણ, જંતુનાશક દવાના લાયસન્સ વિક્રેતાઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

અમરેલી જિલ્લામાં એક હજાર આસપાસની ખાતર, બિયારણ અને જંતુનાશક દવા વિક્રેતાઓની લાયસન્સવાળી દુકાનો આવેલી છે. ગઈકાલે સાંજના સુમારથી પોરબંદર કૃષિ વિભાગના નિયામક સંગાથે અમરેલી કૃષિ વિભાગ જોડાઈને ઠેર ઠેર ખાતર, બિયારણ અને જંતુનાશક દવા વિક્રેતાઓને ત્યાં આકસ્મિક ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ગઈકાલે જ કપાસના બિયારણમાં શંકાસ્પદ લગતા બિયારણના ૩૬૪ કિલો ગ્રામ જેટલો

અનુસંધાન પાના ૬ ઉપર

અડતાળાનાં ખેડૂત સાથે રહેલ મગનભાઈ રાદડીયાનું મોત

અમરેલી-લાઠી માર્ગ ઉપર ટોડા ગામ નજીક કારે હડફેટે લેતા બાઈક સવારનું મોત

કાર નં. જી.જે.-૩૮ બીસી ૪૧૬૦નાં ચાલકની શોધખોળ શરૂ

અમરેલી, તા. ૨૩

લાઠી તાલુકાના અડતાળા ગામે રહેતા હસમુખભાઈ બચુભાઈ ગોઠડીયા નામનાં ૩૫ વર્ષિય ખેડુત તા. ૨૨ ના આશરે સવા બારેક વાગ્યે પોતાના હવાલાવાળુ મોટર સાયકલ લઈ લાઠીથી અડતાળા તરફ જતા હોય. ત્યારે ટોડા ગામ પાસે પહોંચતા સામેથી એક સફેદ કલરની ફોરવ્હીલ મોટર કાર નં. જી.જે.-૩૮ બીસી-૪૧૬૭ ના ચાલકે પોતાના હવાલાવાળી મોટર કાર પુરઝડપે અને રોંગ સાઈડમાં ચલાવી મોટર સાયકલ સાથે ભટકાવી દઈ ખેડૂત યુવક તથા સાહેદ (ફોર વ્હીલ કારમાં બેસેલ વ્યકિત) ને નાની-મોટી ઈજાઓ કરી તથા ખેડૂત યુવક સાથે રહેલ મગનભાઈ કલ્યાણભાઈ રાદડીયાને જમણા પગે ગોઠણના ભાગે ગંભીર ઈજા થતાં ગોઠણ નીચેથી પગ કપાઈ જઈ તેમજ જમણા પગના સાંથળના ભાગે તથા ગુપ્ત ભાગે ગંભીર ઈજા પહોંચાડી મોત નિપજાવ્યાની ફરિયાદ નોંધાઈ છે.

અર્ધો ડઝન ઈસમોએ ધબધબાટી બોલાવી

દરેડથી તાઈવદર સુધી વીજ લાઈનનું કામ કરનાર યુવકને માર મારી લૂંટી લેવાયો

રૂપિયા ૭.૫૦ લાખનાં મુદ્દામાલની લૂંટની ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૨૩

જામનગરમાં રહેતા ડાડુભાઈ કેશુભાઈ ચેતરીયા નામનાં ૩૬ વર્ષિય યુવક એક એન્જિનિયરિંગ પ્રાઈવેટ કંપનીમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરતા હોય અને છેલ્લા એક વર્ષથી એક ખાનગી કંપની દ્વારા તેમને વીજ લાઈન ઊભી કરવાનો કોન્ટ્રાકટ મળેલ હોય. જે વીજ લાઈનના પોલ બાબરા તાલુકાના દરેડ ગામેથી તાઈવદર ગામ સુધી ઉભા કરી દીધેલ હોય અને ઉભા કરાયેલા પોલમાં વીજ તાર ફીટીંગ કરવાનું કામ ચાલુ હોય. જેથી આ યુવક તથા જીલાભાઈ ભવાનભાઈ રાતડીયા (રહે. કરિયાણા) કામ ઉપર હોય અને ત્યારે બાબરા ગામે રહેતા આરોપી વનરાજભાઈ વાળાના ખેતર જવાના રસ્તા ઉપરથી આ વીજ લાઈનના તાર પસાર થતા હોય જેથી આરોપીને સારૂ ન લાગતાં ૬ જેટલાં આરોપીઓએ પૂર્વ આયોજિત કાવતરૂ રચી પોતાના સમાન ઈરાદો પાર પાડવા સારૂ પ્રથમ આરોપી તથા એક અજાણ્યા વ્યકિત કામ ઉપર આવેલ અને કામ કરતા મજૂરોને ધમકાવી કામ બંધ કરાવેલ હતું. અને કંપનીનું ટ્રેકટર બળજબરીપૂર્વક લઈ લીધેલ હતું. બાદમાં આરોપીઓ આ યુવક પાસે આવતા આરોપીએ યુવકનો કાઠલો

અનુસંધાન પાના ૬ ઉપર

વન વિભાગનાં અધિકરીઓ વાતાનુકુલિન કચેરીમાંથી બહાર નીકળતા નથી

હે રામ : દેશમાં ગૌરવ સમાન સિંહો પણ પાણીની તરસ છીપાવવા નદીનાં પટ્ટમાં ખાડો ખોદવા મજબુર

સાવરકુંડલાનાં ધોબા ગામની ઘટનાનો વિડીયો થયો વાયરલ

અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લામાં છેલ્લા ઘણાં જ સમયથી સૂર્યનારાયણ આકરા પાણીએ હોય, ત્યારે લોકો, પશુ, પક્ષી તથા વન્ય પ્રાણીઓ કાળઝાળ ઉનાળાની ગરમીથી

અનુસંધાન પાના ૬ ઉપર

SAMSUNG
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
સેમસંગ ઈલેકટ્રોનીકસ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડકટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એક જ સ્થળે...
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
AMRELI'S No 1 Since 1986
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૪૮૪૪ ૫૯૫૪૭

Sheetal
માત્ર ₹20/-
Sheetal
મસાલા છાશ
ટેસ્ટ સાથે હેલ્થ
શીતલ
મસાલા છાશ

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ઘારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, ફિરદૌસ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
ફેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)